

# રામભક્ત



वर्ष : १९, - अंक संख्या : ११ - सलंग अंक : २१२
वि.सं. : २०८० आसो - दिनांक : १०-१०-२०२४





પૂ.શ્રી સીતારામબાપુ

**શ્રી સાત હનુમાનજીદાદા (ધીરજધામ લીંબડીયા)**
**પ.પૂ.બ્રહ્મલીન સંતશ્રી ધીરજરામબાપા ગુરૂશ્રી બજરંગદાસબાપા**
ની દ્વિતિય (બીજી) પૂણ્યતિથી
આસો સુદ-૨ (બીજ) તા.૦૪/૧૦/૨૦૨૪
એ સમગ્ર રામાનંદી સાધુ સમાજના કોટી કોટી વંદન

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com

# શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ પરિણામ મેળવતા ડૉ.ઋગનાથભાઇ કુબાવત બાબરા તાલુકો બાબરાના પૌત્ર, પૌત્રી, દોહિત્ર ને ખુબ ખુબ અભિનંદન


કુ. કૃષાંગી


કુ. જાનસી


કુ. નિશા


ચિ. મૈત્રી


ચિ. મિથિલ


ચિ. જૈત્ર

પરમ પૂજય બજરંગદાસબાપા સદા જેની સાથે છે, ઈષ્ટદેવ આસોપાલવ હનુમાનજીદાદાની અમીદૃષ્ટિ છે રાઘવેન્દ્ર સરકાર અને માતા કમળાદેવીના સદા જેના ઉપર અવિરત આશીર્વાદ છે તેવા ડૉ.રૂગનાથભાઈ જે. કુબાવત અને શ્રીમતિ મંજુલાબેન આર. કુબાવત (સેવા ભારતી હોસ્પીટલ-બાબરા) ના મોટા પુત્ર શ્રી શૈલેષભાઈ આર. કુબાવત તથા શ્રીમતિ મનિષાબેન એસ. કુબાવતની સુપુત્રી **કુ. કૃષાંગી M.B.B.S.** ના ત્રીજા વર્ષમાં શ્રી કિરણ સી. પટેલ મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર ભરૂચમાં અભ્યાસ કરે છે તેમના નાના પુત્રશ્રી (૨)ડૉ. કલ્પેશભાઈ આર. કુબાવત તથા ડૉ. ફાલ્ગુનીબેન કે. કુબાવતની સુપુત્રી કુ. જાનસીને શાંતાબા મેડીકલ કોલેજ અમરેલીમાં M.B.B.S. માં ઓપન કેટેગરીમાં ગર્વન્મેન્ટ કવોટામાં એડમીશન મળેલ છે. **કુ. જાનસી** નાનપણથી ખુબ જ હોંશિયારછે S.O.F. ની ઈન્ટરનેશનલ ઈંગ્લીશ પરિક્ષામાં **ગોલ્ડ મેડલ મેળવેલ છે** (૩) નાના અને નાની જેના ઉપર ગર્વ લઈ શકીએ એવી અમારી ભાણેજ **કુ.નીશા** હાલ બોટાદ શ્રી ધર્મેશકુમાર એમ. રામાનુજ તથા સ્વ.મીનાબેન ડી. રામાનુજની લાડલી અમરેલીમાં પટેલ શૈક્ષણિક સંકુલ M.A. (ઈંગ્લીશ) ના ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે B.A.માં ફર્સ્ટ કલાસ અને B.ed.માં ડીસ્ટ્રકશન માર્કસ મેળવેલ છે તેમના પિતાશ્રી ધર્મેશકુમાર બોટાદ મર્કેન્ટાઈલ બેંકમાં નોકરી કરે છે.

(૪) એવી અમારી બીજી ભાણેજ **ચિ. કુ.મૈત્રી** બાબરીયા શૈક્ષણીક સંકુલ વડોદરામાં મીડીયમ ઈંગ્લીશમાં થી ફીજીયોથેરાપી કોર્સ B.P.T. પુર્ણ કરી હાલ કેનેડામાં M.P.T. માસ્ટર ડીગ્રીમાં બીજા વર્ષમાં કોનેસ્ટ યોગા કોલેજ ટોરેન્ટોમાં અભ્યાસ કરે છે અને સાથો સાથ તેમને પરમેનન્ટ જોબ પણ મળી ગયેલ છે. અમારા નાના જમાઈશ્રી સંદિપકુમાર રામાનુજ અને શ્રીમતી સાધનાબેન એસ. રામાનુજ-જામનગર હાલ વડોદરાની લાડકી પુત્રી છે. (૫) અમારા પુત્ર શૈલેષભાઈના લાડકવાયો પુત્ર **ચિ.મિથિલ** અમરેલીમાં સેન્ટ મેરી સ્કુલ અમરેલીમાં ઈંગ્લીશ મીડીયમ ધો.-૮, માં અભ્યાસ કરે છે અને ખુબ જ સારા માર્કસ મેળવે છે (૬) અમારા નાના પુત્ર ડૉ. કલ્પેશભાઈ ના વ્હાલસોયા પુત્ર **ચિ.જૈત્ર** રાજકોટમાં સનસાઈન સ્કુલમાં મીડીયમ ઈંગ્લીશમાં ધો.-૭,માં અભ્યાસ કરે છે ધો.-૬ માં કલાસ ફર્સ્ટ આવી **સીલ્વર મેડલ** મેળવેલ છે.

ડૉ. રૂગનાથભાઈ જે. કુબાવત સાહેબ તથા તેમના પરિવાર ઉપર પુ. બજરંગદાસબાપાના આશીર્વાદ અવિરત વહે છે ડૉ. સાહેબ પુરી શ્રધ્ધાથી છેલ્લા ૨૩ વર્ષથી સળંગ બાપાની પુનમ ભરે છે આજ સુધી એક પણ પુનમ પડેલ નથી અને બાપા તેમણે ધારેલા તમામ કાર્યો પુર્ણ કરે છે.

ડૉ. રૂગનાથભાઈ જે. કુબાવત મો. ૯૯૦૯૬ ૨૦૨૮૫ • શ્રી શૈલેષભાઈ આર. કુબાવત મો. ૯૮૭૯૫ ૩૩૧૫૩ • ડૉ. કલ્પેશભાઈ આર. કુબાવત મો. ૯૯૨૫૪ ૬૭૪૭૪

**અહેવાલ :** શ્રી પ્રતાપભાઈ દેવમુરારી (પ્રમુખશ્રી તાલુકા મંડળ-બાબરા) - (સહ સંપાદક રામભક્ત-સાવરકુંડલા)

રામભક્ત રૂા.૩૦૦૦/-પ.નં. ૭૦૮૯ થી જમા મળેલ છે.

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫૧૧૧/-નું તિથિદાન



સ્વ. કરસનદાસ ભગવાનદાસ નિમાવત

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના કલ્યાણપુર નિવાસી શ્રી ધર્મેશભાઈ કરશનદાસ નિમાવતના પિતાશ્રી સ્વ.કરસનદાસ ભગવાનદાસ નિમાવત સવંત ૨૦૭૪ ના આસો વદ-૪ ને રવિવાર તા.૨૮/૧૦/૨૦૧૮ ના સાંકેતવાસી થયેલ તેઓની કાયમી પુણ્યસ્મૃતિમાં શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા સંસ્થાને શ્રી દયાવિધિ કાયમી નિભાવ ફંડ યોજના અંતર્ગત ચાલતી કાયમી મિષ્ટભોજન યોજનામાં સ્વર્ગસ્થની તિથિના દિવસે પ્રતિ વર્ષ બાળાઓને મિષ્ટભોજન આપવા માટે રૂા.૧૫,૧૧૧/- નું દાન મળેલ છે.

પુણ્યતિથિ : આસો વદ-૪   શ્રાધ્ધતિથિ : ભાદરવા વદ-૪(ચોથ)

:: હસ્તે ::

**ગં.સ્વ.કુસુમબેન કરસનદાસ નિમાવત (પત્ની)**

શ્રી ધર્મેન્દ્રભાઈ કરસનદાસ નિમાવત (પુત્ર)   શ્રીમતી વંદનાબેન ધર્મેન્દ્રભાઈ નિમાવત (પુત્રવધુ)
કુ.રિયાબેન ધર્મેન્દ્રભાઈ નિમાવત (પૌત્રી)   આરવકુમાર ધર્મેન્દ્રભાઈ નિમાવત (પૌત્ર)

**રૂા.૧૫,૧૧૧/- પ.નં. ૭૦૯૬ થી મળેલ છે, આભાર...**

**પ્રેરણા** : સ્વયંભૂ માતા પિતાના આશીર્વાદ અને રામભક્ત મુખપત્ર માધ્યમથી

## શ્રાધ્ધ તર્પણ વિધિ (પુણ્યતિથિ) - જુનવદર



**પ.પૂ. ગૌરીબા**

જુનવદર (તા.ગઢડા)ના રામજી મંદિરના પૂજારી ગં.સ્વ.પૂ.ગૌરીબા દુર્લભરામજી લશ્કરી તા.૩૦/૦૧/૨૦૨૨ના રામચરણ પામેલ તેનો શ્રાધ્ધ તર્પણ વિધિ તા.૩૦/૦૯/૨૦૨૪ ને ભાદરવા વદ-૧૩ ને સોમવારે તેમના સુપુત્રો તેમજ સેવક સમાજ તરફથી રાખેલ જેમાં આગલી રાત્રીએ "શિહોર, લીંમડી હનુમાન રામદરબાર" જમાઈશ્રી નિકુંજકુમાર તરફથી રાખેલ.

સવારે ભૂદેવો દ્વારા શ્રાધ્ધ વિધિ કરાવેલ.આ પ્રસંગે પૂ.બા ના ભાઈઓ (મામાશ્રીઓ), સમાજના આગેવાન પૂ.શ્રી વિષ્ણુપ્રસાદબાપુ (મોટામામા-અમદાવાદ) તેમજ શ્રી મનુમામા (અમદાવાદ) તેમજ જમાઈશ્રીઓ, સગા-સ્નેહીજનો, ગ્રામ્ય સેવક સમાજ પધારેલ સૌની ઉપસ્થિતિમાં શ્રી વિષ્ણુબાપુ તથા શ્રી ભાનુબાપુ રામાનુજ (રામભક્ત તંત્રીશ્રી),શ્રી મનુમામા વિ.નુ શાલ ઓઢાડી સ્વાગત કરેલ ત્યારબાદ સેવક સમાજ તેમજ મહેમાનશ્રીઓએ મહાપ્રસાદ ગ્રહણ કરી વિદાય લીધેલ.

### અમો છીએ આપના સુપુત્રો

શ્રી મંગળદાસબાપુ દુર્લભરામજી લશ્કરી (સુરત)   શ્રી હેંમતકુમાર દુર્લભરામજી લશ્કરી (અમદાવાદ)
શ્રી કનુભાઈ દુર્લભરામજી લશ્કરી (અમદાવાદ)   શ્રી રસીકભાઈ દુર્લભરામજી લશ્કરી (જુનવદર)

રૂા.૧૫૦૦/-પ.નં. ૪૬૮૫ થી બોટાદ પે.કા.થી પ્રાપ્ત થયેલ છે

## સંત શિરોમણી સદગુરૂદેવ શ્રી બજરંગદાસબાપા - બગદાણાની શ્રાધ્ધતિથીએ છાત્રાબાળાઓને મિષ્ટભોજન



શ્રી બજરંગદાસબાપાના કૃપાપાત્ર શિષ્ય દિવંગત પૂ.શ્રી દયારામબાપાના ઉત્તરાધિકારી પ.પૂ.શ્રી મહંતબાપુ ગુરૂશ્રી દયારામબાપા, શ્રી બજરંગદાસબાપા અન્નક્ષેત્ર દ્વારકા થી સાવરકુંડલા પ્રસંગોચિત પધારતા હોય યોગાનુંયોગ એ દિવસે શ્રી બજરંગદાસબાપની શ્રાધ્ધતિથિ ભાદરવા વદ-૪ (ચોથ) છે તેથી શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલયની બાળાઓને બાપાની શ્રાધ્ધતિથિ નિમિત્તે મિષ્ટભોજન જમાડવાની ટેલીફોનિક સુચના પ્રમાણે મિષ્ટ ભોજનમાં ચુરમાના લાડુ,ફરસાણમાં ભજીયા,ચટણી,દાળ-ભાત,શાક, સંભારો,સલાડ તૈયાર કરી બાપાને થાળધરી સમુહમાં હનુમાન ચાલીસાનો પાઠ કરી સૌ ટ્રસ્ટીઓ,સ્ટાફ,છાત્રાબાળાઓ સાથે પ્રસાદ લીધો પૂજ્ય મહંતબાપુ તરફથી છાત્રાબાળાઓને,સ્ટાફને રૂા.૧૧/- લેખે દક્ષિણા આપવામાં આવી. બાપુ રાત્રીના પધાર્યા રાત્રી નિવાસ છાત્રાલયમાં જ કર્યો. બીજે દિવસે બાલભોગ પણ છાત્રાલયે કર્યા. ઘનશ્યામબાપુ અને પ્રમુખશ્રી અરૂણભાઈએ હાજરી આપી સૌ રાજી થયા.

ભોજનના રૂા.૫૧૦૦/-પં.નં. ૭૦૨૬ થી મળેલ છે.

## સા.વા.સંત શ્રી મથુરદાસબાપુ ચુનીલાલબાપુ અગ્રાવત (રળોલ) લીમડીની શ્રાધ્ધતિથી પ્રસંગે છાત્રાબાળાઓને મિષ્ટભોજન



રાધાકૃષ્ણ મંદિર (રળોલ) લીંબડીના મહંત સાકેતવાસી મથુરદાસબાપુની શ્રાધ્ધતિથી સવંત ૨૦૮૦ના ભાદરવા વદ-૭ મંગળવાર તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ બાપુની પુત્રી જયશ્રીબેન એમ.અગ્રાવતની ટેલીફોનિક સુચના પ્રમાણે શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળની છાત્રાબાળાઓને મિષ્ટ ભોજનમાં ચુરમાના લાડુ,ફરસાણમાં ભજીયા,ચટણી,દાળ-ભાત,શાક-રોટલી, સંભાર (સલાડ) તૈયાર કરી ભગવાનને થાળધરી સૌ બાળાઓ અને સ્થાનિક ટ્રસ્ટીઓએ સમુહમાં હનુમાન ચાલીસાનો પાઠ કરી મથુરદાસબાપુને શ્રધ્ધાંજલિ પાઠવી ભોજન પ્રસાદ લીધો. જયશ્રીબહેન અહીં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી આગળ વધી ભુજ મુકામે ગવર્મેન્ટ સર્વિસ કરે છે તેમણે પરિવારનું અને છાત્રાલયનું ગૌરવ વધાર્યું છે. સંસ્થાને યાદ કરવા બદલ આભાર.

**આશીર્વાદ :** ગં.સ્વ.ભાવનાબેન મથુરદાસબાપુ અગ્રાવત

ભોજનના રૂા.૫૧૦૦/-પં.નં. ૭૦૯૯ થી મળેલ છે.

## શ્રી ઘનશ્યામદાસ બાપુ (રાઘવ) નો ૭૯ મો જન્મદિન ઉત્સવ

**સ્થળ :** પ્રયાગરાજતીર્થ શ્રી રામાનંદાચાર્ય પ્રાગટ્યધામધામ તા.૦૬/૦૯/૨૦૨૪ **આશિર્વાદ :** જગદ્‌ગુરૂ શ્રી રામનરેશચાર્યાજી મહારાજ (કાશી) સૌ સંતો મહંતો












રામભક્ત મુખપત્રને રૂા.૧૫૦૦/- પ.નં.૭૦૩૫ થી







સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્રુપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજયમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુકતી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગમાં લઈ આવતો હોય છે.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

માના અનેક રૂપ છે. તત્વતઃ આ જગત માતૃમય છે. આપણા દેશમાં અને પાડોશમાં જેટલી શક્તિપીઠ છે એ બધી જુદી જુદી પીઠોમાં બિરાજમાન માનાં દર્શન કરીએ પરંતુ એની સાથે સાથે વિશ્વની તમામ સ્ત્રીઓએ માના જ રૂપ છે પ્રત્યેક સ્ત્રીમાં માજ બિરાજમાન છે જડ ચેતન બધામાં મા બિરાજમાન છે આખું જગત માતૃમય છે "સિયારામ મય છે"

તો નવરાત્રા એટલે નવ દુર્ગાના નવ સ્વરૂપનું પૂજન અર્ચન (૧) શ્રી શૈલપુત્રીમાં (૨)શ્રી બ્રહ્મચારિણીમાં (૩) શ્રી ચંદ્રઘંટામાં (૪) શ્રી કુષમાણ્ડા માં (૫)સ્કન્દ માં (૬)શ્રી કાત્યાયીની માં (૭) શ્રી કાલરાત્રીમાં (૮) શ્રી ગૌરી માં (૯)શ્રી સિધ્ધિદાયત્રી માં તો શક્તિને પ્રવેશવાના ત્રણ દરવાજા એટલે મન, વચન અને શરીર જેના મનને અનેક ભાગોમાં વહેંચાઈ જવાનો રસ હોય છે. આથી તે શક્તિને પણ વિખેરી નાખે છે. ખોટી નિરર્થક વાત ચિંતો, દેખાદેખી કે અન્ય બાબત **વચનની શક્તિને નબળી બનાવે છે અને શરીર પ્રત્યે બેજવાબદાર બનીને આપણે દૈહિક શક્તિ ગુમાવી બેસીએ છીએ માટે યુવાધન સાવધાન !**

આજે આધુનિકરણની ઘેલશામાં અનેક વિવિધતાઓ સાથે ઘણી બદીઓનો ઉમેરો થતો જાય છે. જે અતી ભયપ્રદ છે ભલે સમય સાથે તાલ મિલાવીએ તેની ના નથી પણ અતિરેક ક્યારેક મુશ્કેલી ન સર્જે તેનો ખ્યાલ પણ રાખવો જરૂરી છે. બહેન દીકરીઓએ વસ્ત્ર પરિધાનને ધ્યાનમાં રાખવો જરૂરી છે. જોકે શ્રી રાઘવેન્દ્ર સરકારની આપણા સમાજ ઉપર પૂર્ણ નિગાહ છે. જેથી આવી બધી બદીઓ ઓછી છે જે સમાજ દર્શનથી ખ્યાલ આવે જ ! ખેર! તો ચાલો નવદુર્ગા સહિત આપણા સીતામાતા, કમળા માતાજીનું પૂંજન અર્ચન કરી પાવન થઈએ.

નવરાત્રા પછી હવે અસામાજિક તત્વો સામે સત્યનો વિજય એટલે વિજયા દશમી આવે. રામે રાવણને મારી વિજય મેળવેલ તેની યાદમાં **"પૂતળા દહન"** કરીએ છીએ. મૂળવાત રાવણ રૂપી આસુરી વૃતિનોનાશ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર તેમજ સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને સ્વાદ જેવા વિષયોને જીવનમાંથી હણવા એટલે તેનો નાશ કરવો. રાવણના પંચભૂતના શરિરને હણવું સહેલું છે. મતલબ રાવણને મારવો સહેલો છે પણ તેની અંદર રહેલી આસુરી માયાને હણવી અઘરી છે અને તેને હણવા માટે કોઈ સિધ્ધપુરૂષ, બુધ્ધપુરૂષ પ્રભુની કૃપાથી અને પૂર્વના સંસ્કારથી મળી જાય તો, તેનો આશરો લઈ તેની આજ્ઞામાં રહીને ધીરે ધીરે સત્સંગથી વિજય મેળવી શકાય છે. તે નિર્વીવાદ વાત છે.

માણસના મનને બીમાર કરતાં બે મહારોગ છે. લોભ અને મોહ, આ મારૂ આ તારૂ પછી મેં આટલું મેળવ્યું હવે આટલું પાછું મેળવીશ, આ માયા જાળમાં મનખો ગોટે ચડે અને ઘણીવાર ઉંધે કાંધ પટકાય પણ ખરો, વળી એ કેવું વિચિત્ર કે, ઝેરના આ ડોઝ જાતે જ લઈએ છીએ. અને આ ડોઝનું વ્યસન પણ ખરૂ. એકવાર વળગણ થયું કે ખેલ પૂરો ! પણ જો ભાગ્યમાં હોય અને આ મહારોગને મટાડી દે તેવા વૈદ્ય, ડોક્ટર-સદગુરૂ મળી જાય તો પછી તે નાડી જોઈને આપણામાં રહેલ આ મહારોગ જ્ઞાનરૂપી ગોળી આપીને મટાડી દે છે. પરખ હોવી જરૂરી છે. જો કોઈ ગુરૂ તમારા અહંકારને પ્રોત્સાહન આપે તો તે તમારા માટે યોગ્ય ગુરૂ નથી. **(અત્યારે શિષ્યની આજ્ઞામાં ગુરૂ રહે તેવા મૂંગા જોઇએ છે)** ગુરૂ એક ખાસ પ્રકારના મિત્ર છે. જે રોજે રોજ તમારા અહંકારને ઓછો કરે છે જે તમને દરરોજ કોઈપણ પ્રકારની પ્રસંશા કે માનપાન વિના છોડી દે છે. ફક્ત તમારે તમારી ઝંખના તીવ્ર બનાવવાની છે.

છેલ્લે :- જગતમાં બીજાને માટે કઈ કરી જનારાજ અમર રહ્યા છે. ઈતિહાસને ચોપડે કદી લોભી પુરૂષના નામ લખાયા નથી એ ભૂલી જતા નહીં.

**તંત્રી...**



હજારો નિરાશામાં એક અમર આશા છુપાઈ હોય છે.

શ્રી સાત હનુમાનજી મંદિર



પ.પૂ.શ્રી બજરંગદાસબાપા



પ.પૂ.શ્રી ધીરજરામબાપુ





# દિવ્ય એવમ્ ભવ્ય ભાવસભર ભદ્રોત્સવ (ભંડારો) અને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવમ્ ત્રિવદિસીય ૧૧ કુડી યજ્ઞ

**મૃદ મંગલમય સંત સમાજુ । જો જગ જંગમ તીરથ રાજૂ ॥**
**રામ ભક્તિ જહાં સુરસરિધારા । સરસઈ બ્રહ્મ વિચાર પ્રચારા ॥**

સમસ્ત સેવક સમુદાયના હૃદયમાં અને ધર્માભિલાષીની પવિત્ર ચેતનામાં સદાકાલીન પ્રેમ અને લાગણીનાં તંતુથી જોડાઈ રહેલા, સકારાત્મક, અટલ નિર્ણય, સાદગી, શિક્ષા અને શિસ્તના પ્રણેતા જન્મથી અંતિમતા સુધી ત્યાગ અને પરોપકારિતા અને ગુરૂ વચનમાં જેમનો રાજીપો રહ્યો છે તેવા સર્વે શ્રધ્ધાળુ સાધકો, શિષ્યો, સેવકો અને અનુયાયીઓના જીવનમાં આશિર્વાદથી અમીવૃષ્ટિ સાથે સત્સંગ સુધાપાન કરાવી જીવન સાર્થક કરનાર પ્રાંતઃ સ્મરણીય, **હનુમાનજી દાદાના કર્તવ્યનિષ્ઠ અનુયાયી, અનુકંપા અને કરૂણાના સાગર પ.પૂ.શ્રી ૧૦૦૮ સંત શિરોમણી સદ્ગુરૂ શ્રી ધીરજરામ બાપા, ગુરૂશ્રી રામાનંદી રત્ન, પ.પૂ.સંતશ્રી બજરંગદાસબાપાની દિવ્ય આત્મચેતનાના પાવન ચરણોમાં શ્રધ્ધાંજલીના પ્રતિક સ્વરૂપે (ભંડારા)નું આયોજન સવંત ૨૦૮૦ મહાવદ-૪(ચોથ) બુધવાર તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ કરેલ.** સંવત ૨૦૮૦ મહાસુદ-૯ (નોમ) ને રવિવાર તા.૧૮/૦૨/૨૦૨૪ થી સવંત ૨૦૮૦ મહાસુદ-૧૫(પૂનમ)ને શનિવાર તા. ૨૪/૦૨/૨૦૨૪ સુધી

## ॥ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ॥

નું આયોજન જેના વક્તા સૌરાષ્ટ્રના સુ.કથાકાર પ.પૂ.શાસ્ત્રી મહેશપ્રસાદ (જસદણવાળા) દ્વારા કથાનું રસપાન કરાવેલ શ્રી સાત હનુમાનદાદા અને પ.પૂ.સંત શિરોમણી શ્રી ધીરજરામબાપાના શ્રી ચરણોમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી આજીવન સેવાના ભેખધારી એવા સાકેતવાસી પૂ.શ્રી ભગતદાદા, સાકેતવાસી પૂ.ભગવતી શ્યામાદેવી, સાકેતવાસી પૂ.શ્રી નરસંગદાસ બાપુ, પૂ.શામજીબાપુ તથા સાકેતવાસી પૂ.શ્રી ધરમદાસબાપુને ભાગવતનું ફળ અર્પણ કરવામાં આવેલ કથાના મુખ્ય યજમાન શ્રીમતી પુષ્પાબેન તથા શ્રી હિતેષભાઈ મનુભાઈ કાકડિયા, અમદાવાદ ને લાભ મળેલ.

**જ્યો તિલ માહિ તેલ હૈ, જ્યો ચકમક મેં આગ ।**
**તેરા રામ તુઝ મેં હૈ, જાગ શકે તો જાગ ॥**

આંબાનું બી ગોટલી સ્વરૂપે કેરીમાં જ હોય છે. પરંતુ તેમને જાણવા માટે આપણે અંદર જ ધ્યાન કરવું પડશે, એ રસ્તો સંત મહાપુરૂષ બતાવે છે. **ત્રિ-દિવસીય ૧૧ કુંડી યજ્ઞ** રવિવાર તા. ૨૫/૦૨/૨૦૨૪ થી મંગળવાર તા.૨૭/૦૨/૨૦૨૪ સુધી કરવામાં આવેલ. **તા.૨૫/૦૨/૨૦૨૪ થી શ્રીરામયજ્ઞ તા.૨૬/૦૨/૨૦૨૪ રૂદ્રયજ્ઞ, તા.૨૭/૦૨/૨૦૨૪ શ્રી મારૂતિ યજ્ઞ.** યજ્ઞના આચાર્ય શ્રી ભાનુદાદા દવે (મોટા લીલીયા), ઉપાચાર્ય શ્રી હિતેષભાઈ પંડ્યા (ઢસા), તા.૨૫/૦૨/૨૦૨૪ રાત્રે ભવ્ય સંતવાણી આરાધક દલસુખભાઈ પ્રજાપતિ નૈતિક વ્યાસ (છોટે રામદાસજી), તા.૨૭/૦૨/૨૦૨૪ રાત્રે **સુંદરકાંડ પાઠ શ્રી ધવલકુમારજી માનસ સત્સંગ ટ્રસ્ટ** તા.૨૮/૦૨/૨૦૨૪ ભવ્ય સંતવાણી આરાધક હરસુખગીરી ગોસ્વામી.

## તા.૨૮/૦૨/૨૦૨૪ દિવ્ય એવમ્ ભવ્ય (ભંડારો)

સાત હનુમાનજીદાદા લીંબડીયા (જામ) તા.ગઢડા (સ્વા.),જી.બોટાદ **સંત શિરોમણી પ.પૂ.શ્રી ૧૦૦૮ શ્રી ધીરજ રામબાપા, ગુરૂશ્રી રામાનંદી રત્ન, સંત શિરોમણી શ્રી બજરંગદાસબાપા (બગદાણા), (ઉંમર વર્ષ ૯૦) સવંત ૨૦૭૮ના આસોસુદ-૧ (એકમ) પ્રથમ નોરતાના શુભ દિને તા.૨૬/૦૯/૨૦૨૨ સાકેતગમન કરેલ તેઓની અંતિમક્રિયા આસો સુદ-૨ના રોજ આશ્રમના ગૌશાળા પરિસરમાં કરવામાં આવી.** આત્માચેતનાના પાવન ચરણોમાં શ્રધ્ધાંજલીના પ્રતિક સ્વરૂપે-ભદ્રોત્સવ (ભંડારા)નું આયોજન સવંત ૨૦૮૦ મહાવદ-૪(ચોથ) બુધવાર તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ **ભારત ભરના સંતો, મહંતો, મહામંડલેશ્વરોની અને શ્રી સંપ્રદાચાર્ય જગદ્ગુરૂ રામાનંદાચાર્ય પદ પ્રતિષ્ઠિત સ્વામી શ્રી રામનરેશાચાર્યજી મહારાજ (શ્રીમઠ, પંચગંગાઘાટ, વારાણસી કાશી)ની વિશેષ ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ.** સગા-સંબંધી, મિત્રો તેમજ આજુબાજુના ગ્રામજનો તેમજ સેવક સમાજ સમુદાયની હાજરીમાં રામાનંદી પરંપરા મુજબ ભદ્રોત્સવ ઉજવાયેલ.

**જ્ઞાન અંજન સદ્‌ગુરૂ દિયા, અજ્ઞાન અંધેર વિનાશા ।**
**હરિ કૃપા તે સંત ભેટીયા, ધીરજમાન મન પ્રકાશ ॥**

જ્યારે સદ્‌ગુરૂ મહારાજ આપણને જ્ઞાનનું અંજન આપે છે, ત્યારે મનનો અંધકાર દૂર થાય છે. જીવનમાં પરિવર્તન આવે છે.

**આમતો છેલ્લા ૧૫ દિવસથી** શ્રી ધીરજધામ સાત હનુમાન લીંબડીયામાં મીની કુંભ જેવું વાતાવરણ સર્જાયેલ ભારત ભરના સંતોનો આગમન સેવક સમાજ, આજુબાજુના ગ્રામજનો ધૂન, મંડળ, સત્સંગ, ભજન મંડળ **પ્રતિદિન રાત્રીના સત્સંગ, ધુન કરવામાં આવેલ.**

જ્યાં જુઓ ત્યાં માનવમહેરામણ તા. ૨૮/૦૨/૨૦૨૪ ને બુધવારના રોજ ભગવાન સૂર્યનારાયણ ધરતી ઉપર સોનેરી કિરણો પાથરતા હતા સૌ આનંદમાં હતા કારણ કે આજે ત્રિવેણી સંગમ થવાનો હતો સંતોના દર્શન, ભજન ભાવ તથા ભોજન પ્રસાદ જગદ્‌ગુરૂ કાશીથી પધારી રહ્યા છે તેવા સમાચાર તા. ૨૭/૦૨/૨૦૨૪ ના રોજ ૫:૦૦ વાગ્યે પ.પૂ. સેવાના ભેખધારી એવા ઘનશ્યામદાસ બાપુ (રાઘવ) તેમજ ગુ.રા.સા.સ.ચેરમેન શ્રી પ.પૂ. અમરદાસબાપુ તેમજ ડૉ.વલકુભાઈ સાહેબ, જોરૂભાઈ(ચૌત્રા) દ્વારા મળેલ તેથી જગદ્‌ગુરૂના સામૈયા કરવા માટે સંતો-મહંત તેમજ ભક્તજન **તેમજ શ્રી સાત હનુમાન ચેરીટેબલ ટ્રસ્ટીગણ, બાપાના કૃપાપાત્ર શિષ્ય મહંતશ્રી સીતારામબાપુ, ગુરૂશ્રી ધીરજરામબાપા, પ્રમુખ શ્રી હિંમતભાઈ કાનજીભાઈ સાવલિયા, શ્રી જગદીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ(મેનેજીંગ ટ્રસ્ટી અમદાવાદ થી), શ્રી જયેશકુમાર પ્રાણલાલ દેસાઈ (ટ્રસ્ટીશ્રી કાનવા-અંકલેશ્વર) શ્રી મધુભાઈ પ્રાગજીભાઈ પડસાળા (ટ્રસ્ટીશ્રી કેરાળા), શ્રી શરદભાઈ નટુભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી બોટાદ), શ્રી હિતેષકુમાર મનુભાઈ કાઠડીયા (ટ્રસ્ટીશ્રી-ઢસા), શ્રી અરવિંદભાઈ નારણભાઈ ભાલાળા (ટ્રસ્ટીશ્રી સુરત)** સૌ સામૈયામાં જોડાયેલ. સાંજે જગદ્‌ગુરૂ પધારતા સૌ પ્રથમ લીંબડીયા રામજી મંદિરે દર્શન કરવા પધારેલ જ્યાં રામજી મંદિરના પુજારી પ.પૂ. તુલસીદાસબાપુ દ્વારા શાલ, ફુલહાર, ભેટપૂજા આપીને ગુરૂજીનું સ્વાગત કરવામાં આવેલ રાત્રિ થઈ ગઈ હોવા છતાંય લોકોમાં આનંદ-ઉત્સાહ સમાતો નહોતો વાજતે-ગાજતે ગામમાં શોભાયાત્રા સામૈયા થયા પછી જગદ્‌ગુરૂજી પોતાના ઉતારે પધારેલ જગદ્‌ગુરૂજીની સેવામાં **પ.પૂ. ઘનશ્યામદાસબાપુ(રાઘવ), ચે. અમરદાસબાપુ તેમજ રમણીકભાઈ પટેલ ઉતારાવાળાને** સેવા સોંપવામાં આવેલ તા. ૨૮/૦૨/૨૦૨૪ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે સંતો, મહંતો જય સીયારામના નાદથી વાતાવરણ ગુંજી ઉટ્યું સૌ સંતોના સામૈયા જોડાણા **એકવાત ખાસ લગભગ આવી મોટી શોભાયાત્રા ભાગ્યેજ જોવા મળે છે** નાની કુંડળથી શ્રી સાત હનુમાનજી મંદિર બેન્ડવાજા, બગી, ટ્રેક્ટર તેમજ અન્ય વાજિંત્રો સાથે પહોંચી ધર્મસભા મંડપમાં સંતો, મહંતો, મહામંડલેશ્વરશ્રી પધારેલ ટ્રસ્ટી મંડળ દ્વારા સાધુ સંતોના નામ મુજબ બેસવાની વ્યવસ્થા કરવામાં આવેલ ધર્મ સભાની રૂપરેખા **મહંતશ્રી શામળદાસબાપુ - સુરત** દ્વારા જાહેર કરવામાં આવેલ **પ.પૂ. રમણીકબાપુ રામકથાકાર** દ્વારા રામાયણની ચોપાઈ બોલીને વાતાવરણ ભક્તિમય બનાવેલ ત્યારબાદ **કમલેશભાઈ ગઢવી(ઢસા)** દ્વારા સંતોની યાદી પ્રમાણે પ્રથમ ધર્મ સભાના અધ્યક્ષ જગદગુરૂશ્રી રામનરેશાચાર્યજી મહારાજનું બાપાના કૃપાપાત્ર શિષ્ય પૂ.શ્રી સીતારામબાપુ દ્વારા પુષ્પહાર, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ સંતોનું ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ ત્યારબાદ **થાણાપતિ મહંતશ્રી વિક્રમગીરીજી મહારાજ** દ્વારા બાપાના જીવન જરમર વિશે યાદી કરાવેલ તેમજ બાપાની હયાતીમાં ઘણી વખત બાપાનો સત્સંગ સાંભળવા મળેલ તેમ કીધેલ ત્યારબાદ **તેજાબી વક્તા સ્વામી શ્રી આત્માનંદ સરસ્વતીજી મહારાજ** દ્વારા ધર્મ પ્રવચન.

**વિપ્ર ધેનુ સુર સંત હિત, લીન્હ મનુજ અવતાર ।**
**નિજ ઈચ્છા નિર્મિત તનું, માયા ગુન ગો પાર ॥**

એજ પ્રભુ રામ છે અને એજ અયોધ્યાના રાજા પણ છે. હૃદય સ્થિત તેઓના સચ્ચિદાનંદ સ્વરૂપનું ધ્યાન કરીને આ સ્વપ્ન સમાન સંસારના અપાર દુઃખોથી છૂટવા માટે જીજ્ઞાસુઓને કૃપાના સાગર, નર રૂપમાં સાક્ષાત્ હરિ, સૂર્યના સમાન દૈદીપ્યમાન સદ્‌ગુરૂદેવની શરણમાં જવું પડશે અને મહા મોહરૂપી અંધકારને દૂર કરવો પડશે. પ.પૂ. ધીરજરામબાપા એ ધર્મના મર્મનું ગુઢ રહસ્ય પોતાની અમૃતવાણી દ્વારા સરળ ભાષામાં સમજાવી હજારો લોકોનું જીવન સફળ બનાવ્યું.

**જબ જબ હોય ધરમ કી હાની । બઢહિ અસુર અધમ અભિમાની ॥**
**તબ તબ પ્રભુ ધરિ મનુજ શરીર । હરહિ કૃપાનિધિ સજ્જન પીરા ॥**

જ્યારે જ્યારે અધર્મીઓ વધી જાય છે, ત્યારે ત્યારે ભગવાન સજ્જનોની પીડા હરવા માટે સંતોના, ભક્તોના રૂપમાં અવતાર કરીને ધર્મને બચાવે છે માનવતા પર છવાયેલ અંધકારને પ્રભુ નામના પ્રકાશથી દૂર કરવામાં **સમર્થ એવા સદ્‌ગુરૂદેવશ્રી ધીરજરામબાપાએ** મહાન સેવા કરી છે. ત્યારબાદ કાશીથી પધારેલ જગદ્‌ગુરૂશ્રી રામનરેશાચાર્યજી મહારાજ દ્વારા બાપાની સાથે રહ્યા તેનો સ્મરણો યાદ કરાવેલ તેમનો આવો ભવ્ય ભંડારાનું આયોજન કરવા બદલ શ્રી સાત હનુમાન ચેરિટેબલ ટ્રસ્ટને ખુબ ખુબ સાધુવાદ આપેલ આ ભંડારામાં પધારેલ તમામ સંતો, મહામંડલેશ્વરો દ્વારા અંતરથી આશીર્વાદ આપવામાં આવેલ પ.પૂ. મહંતશ્રી શશીબાપુ, ગુરૂશ્રી ધીરજરામબાપા, મહામંડલેશ્વરશ્રી ૧૦૦૮ લલિતકિશોર શરણબાપુ, મહામંડલેશ્વરશ્રી નિર્મળાબા-પાળીયાદ, પીર શ્રી શેરનાથબાપુ-જુનાગઢ, મહામંડલેશ્વરશ્રી જયદેવદાસ મહારાજ-બરવાળા , મહામંડલેશ્વરશ્રી ઘનશ્યામદાસબાપુ-બાબરા, મહામંડલેશ્વરશ્રી મધુસુદનદાસજી મહારાજ-વાવોલ, શ્રી રામમનોહરદાસજી મહારાજ-ગિરીયા, પ.પૂ. મહંતબાપુ-દ્વારીકા, પ.પૂ. સ્વામીશ્રી આભાનંદજી સરસ્વતી-બોટાદ, પ.પૂ. રવુબાપુ-આબલા, પ.પૂ. સરજુદાસજી બાપુ-બરવાળા, પ.પૂ. મણીરામબાપા-હડાળા, થાણાપતિ વિક્રમગીરીજી મહારાજ-ઘેલા

સોમનાથ, પ.પૂ. પ્રભુદાસબાપુ-ચિતલ, પ.પૂ. રાધામુકુન્દશરણદાસજી મહારાજ-પાટણા, પ.પૂ. અવધબિહારી મહારાજ-નાની કુંડળ, પ.પૂ.ત્રિભોવનદાસબાપુ-સતાપર, પ.પૂ.અમરદાસબાપુ-નિંગાળા, પ.પૂ.૧૦૮ રામચંદ્રબાપુ અંબિકા નીજ ધામ-સુરત, મહંતશ્રી શામળદાસબાપુ-સુરત, મહંતશ્રી ભુપતબાપુ-કાગદડા, પ.પૂ.ઘનશ્યામદાસબાપુ (રાઘવ)-સાવરકુંડલા, પ.પૂ. દિનબંધુદાસજી-કાનપુર, પ.પૂ.રમણીકબાપુ-ધારી, પૂ.દલપતબાપુ-ધારી તેમજ સાવરકુંડલા બજરંગદાસબાપા કન્યા છાત્રાલયથી પધારેલ સંસ્થાના પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી, મહામંત્રીશ્રી મનીષભાઈ પીપાવત, ડૉ.અશ્વિનભાઈ રામાનુજ સાહેબ-પાલીતાણા, શ્રી અશોકભાઈ રામાનુજ (પૂર્વ પ્રમુખશ્રી), બાલકૃષ્ણભાઈ દેવમુરારી સંગઠનમંત્રી, ભરતભાઈ કે. દેવમુરારી (ઉપપ્રમુખશ્રી) વિ.મહાનુભાવો પધારેલ તે સૌનું સન્માન કરવામાં આવ્યું ધર્મસભા પૂર્ણ થયાબાદ ભોજન પ્રસાદ લેવા સંતો પધારેલ સંતોને ભોજન પ્રસાદની અલગ વ્યવસ્થા હતી. ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ દ્વારા અગાઉથી સંતો, મહંતોના નામ લખીને ભેટપૂજાના કવર તૈયાર રાખવામાં આવેલ આ પ્રસંગમાં પધારેલ વિરક્ત સંતો તેમજ ગૃહસ્થ સંતો, નામી-અનામી સંતો-મહંતોને તમામને ભેટપૂજા આપવામાં આવેલ રાત્રે ભજનની રમઝટ બોલાવીને સહુ સંતો,મહંતો, મહેમાનોને ભક્તિ રસથી તરબોળ કર્યા. સવારના પ્રભાતિયા સાથે સહુ મહેમાનશ્રીને ચા અને પ્રહર (પ્રસાદી),બાદ મંગલા આરતી અને કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવેલ જે જે સીતારામ પરમ પૂજ્ય ધીરજરામબાપુનો આ ભવ્યાતીભવ્ય ભદ્રોત્સવ ભંડારો કુલ ૧૧ દિવસનો મહા મહોત્સવ યાદગાર બની રહ્યો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બાપાના કૃપાપાત્ર શિષ્ય મહંતશ્રી સીતારામબાપુ, શ્રી હિંમતભાઈ, ભગવતી ધર્મિષ્ઠાબેન, ભગવતી આશાબેન, શ્રી સંદીપભાઈ, શ્રી જગદીશભાઈ-અમદાવાદ, શ્રી સાત હનુમાન મંદિર પરિવાર તથા સમસ્ત સેવકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ સાત હનુમાનજીદાદાના આશીર્વાદથી આ ચતુર્વિધ ભદ્રોત્સવ નિરવિધ્ને સંપન્ન થયેલ અસ્તુ જે જે સીતારામ

સંકલન : મહંતશ્રી શામળદાસબાપુ-સુરત

# આદર્શ ભદ્રોત્સવ પ્રસંગ-ડુંગર



રાજુલા તાલુકાના ડુંગર નિવાસી શ્રી કાશીરામભાઈ, શ્રી બંસીદાસભાઈ, શ્રી ઘનશ્યામભાઈના માતૃશ્રી અને શ્રી શામળદાસભાઈ તથા દલપતરામભાઈના મોટાબા મણીબેન બાબુલાલ ટીલાવત (ઉ.વર્ષ ૧૦૪) સવંત ૨૦૮૦ ના અષાઢ વદ-૧૧ (અગીયારસ)ને બુધવાર તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ સાકેતધામ સિધાવતા તેમના આત્મ કલ્યાણર્થે પરિવાર તરફથી સવંત ૨૦૮૦ શ્રાવણ સુદ-૭ ને રવિવાર તા.૧૧/૦૮/૨૦૨૪ના રોજ ભદ્રોત્સવનું આયોજન કરવામાં આવેલ તેમાં પધારેલા સંતોનું વાજતે ગાજતે સામૈયા કરવામાં આવેલ. સામૈયા મંડપે પહોંચી જતા સૌ સંતો સ્ટેજ પર આસન ગ્રહણ કર્યાબાદ શ્રી ભગવાન રાઘવેન્દ્ર સરકાર શ્રીજગદ્‌ગુરૂ રામાનંદાચાર્યજી મહારાજ પૂજ્ય સા.વા.મણીબેનના ફોટો પ્રતિમાનું પૂજા-અર્ચન કર્યાબાદ પધારેલા સંતો મહામંડલેશ્વરશ્રી મહેશદાસબાપુ (પીપાવાધામ), પૂજ્યશ્રી કાનદાસજીબાપુ (બીલામંડળ), પૂજ્યશ્રી બળવંતરાયબાપુ, શ્રી કાંતિબાપુ, શ્રી કાશીરામબાપુ, મહંતશ્રી સુરેશબાપુ (કોવાયા મંડળ), શ્રી અમરદાસબાપુ (રાજ્યમંડળ ટ્રસ્ટી), શ્રી જેન્તીદાસજીબાપુ, શ્રી વિજયભાઈ (કાતર), શ્રી અતુલભાઈ કડીયાણી સૌનું પુષ્પહાર, શાલથી સન્માન કરવામાં આવેલ બાદ ધર્મસભામાં પૂજ્યશ્રી મણીબાના જીવન વિષે તેમના ગુણોનુંવાદ બાદ સતસંગ ધર્મસભામાં સંતોએ આશિર્વાદ આપ્યા બાદ સૌ પધારેલ સંતો, મહેમાનોએ ભોજન પ્રસાદ લીધો બાદ હાજર બધાજ મહેમાનોને સ્વર્ગસ્થની કાયમી સ્મૃતિમાં લ્હાણુ વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી અમરદાસબાપુ નિમાવત નિંગાળા તેમજ ભયલુબાપુ અગ્રાવત બાઢડા વાળાએ સંભાળી કાર્યક્રમને સફળ બનાવ્યો તેમનો પરિવાર હૃદયથી આભાર માને છે. આ પ્રસંગે પરિવાર તરફથી છાત્રાલયને યાદ કરી ભેટ મોકલેલ છે.

રામભક્તને પ્રિન્ટીંગ અને છાત્રાબાળાને રૂા.૧૧૧૧/-પ.નં. ૭૦૧૫ થી મળેલ છે, આભાર...

# શ્રી ઘનશ્યામદાસ બાપુ (રાઘવ) નો ૭૯ મો જન્મદિન ઉત્સવ

**સ્થળ :** પ્રયાગરાજતીર્થ શ્રી રામાનંદાચાર્ય પ્રાગટ્યધામધામ તા.૦૬/૦૯/૨૦૨૪ **આશિર્વાદ :** જગદ્‌ગુરૂ શ્રી રામનરેશચાર્યાજી મહારાજ (કાશી) સૌ સંતો મહંતો



અખિલ ભારતીય શ્રીમઠ મહોત્સવ ન્યાસ કાશી આયોજીત દિવ્ય ચાતુર્માસ મહાયજ્ઞ વર્ષ-૨૦૨૪ જગદ્‌ગુરૂ શ્રી રામાનંદાચાર્ય પદ પ્રતિષ્ઠીત, જગદ્‌ગુરૂ શ્રી રામનરેશાચાર્યજી મહારાજના પાવન સાનિધ્યમાં તા.૨૧ જુલાઈ ૨૦૨૪ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી રામાનંદાચાર્ય પ્રાગટ્યધામ પ્રયાગરાજમાં દિવ્ય મહોત્સવ ચાલી રહ્યો હતો તેમાં આપણા રાજ્યમંડળના પાયાના કાર્યકર, ટ્રસ્ટી, પૂર્વ પ્રમુખ, ખજાનચી, રામભક્તના અધિક્ષક, સમાજ સેવાના ભેખધારી શ્રી ઘનશ્યામદાસ બાપુ (રાઘવ) અને તેમના ભાણેજ, ભુરખીયા હનુમાનજી મંદિરના પૂજારી શ્રી અજયભાઈ જનકરાય નિમાવતે હાજરી આપતા તા.૦૫/૦૯/૨૦૨૪ ના રોજ ગુરૂજીને જણાવ્યું કે આવતીકાલે તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ ઘનશ્યાબાપુનોજન્મદિન છે. ૭૮ વર્ષ પૂર્ણ કરી ૭૯ માં પ્રવેશ કરે છે તેથી ગુરૂજી દ્વારા પ્રતિદિન જે શાલીગ્રામ ભગવાનની પૂજાનો કાર્યક્રમ હોય છે તેમાં તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ તેમને સામેલ કર્યા પૂજાવિધી પછી રામલલાની આરતી પણ તેમના દ્વારા કરાવી બાદ ગુરૂ પૂજન માં પણ પ્રથમ પુજનનો લાભ લીધો બપોરના સંત ભોજન ભંડારમાં ઘનશ્યામબાપુના હસ્તે સૌને મીઠાઈ પીરસાવવામાં આવી અને દક્ષિણા પણ તેમના હાથે અપાવી અને સાથે રહીને જણાવ્યું કે આજે "રાઘવનો" જન્મદિન છે. બપોર બાદ સાંજના કાર્યક્રમમાં ગુરૂજીના પ્રવચન બાદ જન્મદિન ઉત્સવ મનાવ્યો તેમના કરકમળ દ્વારા ઘનશ્યામબાપુને ચંદન, ફૂલહાર, શાલ, ખેસ ઓઢાડી હાજર સંતોએ પણ ફુલહારથી સન્માન કર્યુ અને બ્રહ્મદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે અક્ષતતથી વધાવી આશિર્વાદ આપ્યા બાદ બાપુનો જન્મ દિવસ ૭૯મો હોય ૭૯ દિવડા પ્રગટાવી ઋષિકુમારો દ્વારા આરતી ઉતારવામાં આવી ત્યારબાદ જગદ્‌ગુરૂએ રાઘવબાપુ ઉપર ૧૦૦,૫૦,૨૦ ની નોટો ન્યોછાવર કરી પ્રશંસા વ્યક્ત કરી સાથે બાપુના ભાણેજ અજયભાઈને પણ ચંદન, અક્ષત, શાલ,ખેસ ઓઢાડી સન્માનિત કરી આશિર્વાદ આપ્યા તેઓ પ્રથમવાર આવો કાર્યક્રમ જગદ્‌ગુરૂ દ્વારા થઈ રહ્યો છે ને જોઈ ગદગદ થઈ ગયા બાદ ગુરૂજીના આદેશથી ઘનશ્યામબાપુએ ૧૦ મિનિટ મનનીય પ્રવચન આપ્યુ શ્રી બજરંગદાસબાપા, પૂ.શ્રી દયારામબાપા, પૂ.શ્રી ધીરજરામબાપાના પ્રેમ અને ગુરૂજીના આશિર્વાદથી પોતાને મળેલી પ્રેરણાથી જે સેવાકાર્ય થઈ રહ્યું છે તેથી જીવનની ધન્યતા અનુભવું છું. ત્યારબાદ જગદ્‌ગુરૂ દ્વારા પણ માનવદેહ કેમ કૃતાર્થ થાય તેવી અને ઘનશ્યામબાપુના કાર્ય વિશે દ્વારકા,કુંડલા,રાજુલા, અમરેલી લીંબડીયા વિ.સ્થળોએ તેઓની ઉપસ્થિતિમાં જે કાર્યો થયા તેને યાદી કરી જીવનના બાકી રહેલા આયુષ્ય માટે નિરોગી, નિરામય, પ્રભુભજન, તપ, સેવા સુમિરન સાથે સમાજ સેવા કરતા રહે તેવા દીર્ઘાયુના આશિર્વાદ આપ્યા.

સમાચાર સંકલન : ત્રિભુવનભાઈ લશ્કરી, સુરત

કાર્યક્રમની ફોટો તસ્વીરો મલ્ટીકલરમાં પેજમાં આપેલ છે.

## - બાયોડેટા રી-મેરેજ -



## ધર્મેન્દ્ર બંસીદાસભાઈ નિમાવત

**જન્મ તારીખ :** ૨૮/૦૫/૧૯૯૪
**વજન :** ૬૩ કિલો
**ઉંચાઈ :** ૫'.૭"
**વ્યવસાય :** પોલીસ હેડ કોન્સ્ટેબલ (ગવર્મેન્ટ સર્વિસ)
**સથળ :** વંડા પોલીસ સ્ટેશન તા.કુંડલા
**સરનામું :** મોટા ઝીંઝુડા તાલુકો સાવરકુંડલા જિલ્લો અમરેલી
**મોબાઈલ નંબર :** ૮૧૨૮૩૮૦૩૯૦, ધર્મેન્દ્ર મો.૯૩૨૮૬૯૦૮૫૮

**પરિવાર પરિચય**

**પિતા :** નિમાવત બંસીદાસભાઈ બાળકદાસ
**માતા :** નિમાવત લીલાબેન બંસીદાસભાઈ
**ભાઈ :** સ્વ.નિમાવત ભાવેશભાઈ બંસીદાસભાઈ
**મામા :** રમેશભાઈ દયારામભાઈ દેવમુરારી, સાવરકુંડલા

**નોંધ :** ધર્મેન્દ્ર માટે રી-મેરેજ વ્યવહારીક પુછપરછ આવકાર્ય છે. ઘર સંભાળી શકે તેવા કન્યાના વાલીઓએ ઉપરના નંબર ઉપર સંપર્ક કરવો.

રામભક્ત પ્રિન્ટિંગ રૂ.૫૦૦/-પ.નં. ૭૦૨૧ થી મળેલ છે.



સૌથી મોટું નુકસાન એ અવસર ચૂકી જવું છે.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ ઉત્સવ પ્રસંગ બાઢડા સાવરકુંડલા





સાવરકુંડલા તાલુકાના બાઢડા નિવાસી સાકેતવાસી પુણ્ય શ્લોકી શ્રી ચંદુબાપુ રામદાસજી અગ્રાવત, પૂર્વ પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી ગુજરાત રામાનંદી સા.સ.ઉ.મંડળ (રાજ્યમંડળ) ઉમર વર્ષ-૮૭ સવંત ૨૦૭૯ ભાદરવા સુદ-૧ શનિવાર તા.૧૬/૦૯/૨૦૨૩ ના રોજ સાકેતવાસ થયેલા તેમની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ સવંત ૨૦૮૦ ભાદરવા સુદ-૧ બુધવાર તા.૦૪/૦૯/૨૦૨૪ ના રોજ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સા.કું. ખાતે પૂ.ચંદુબાપુના ફોટો પ્રતિમાનું બ્રહ્મણો દ્વારા પીંડદાન, પિતૃ તરપણ, શ્રાધ્ધ શાસ્ત્રોક વિધિથી પૂજન-અર્ચન બાપુના મોટાપુત્ર કાળીદાસભાઈ અને શ્રીમતી અનસુયાબેન દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ છાત્રાબાળાઓ, કુટુંબીજનો તથા પધારેલ આમંત્રિત મહેમાનો, સગા-સંબંધી પૂ.ચંદુબાપુના સેવકો દ્વારા સમૂહ પ્રાર્થના તથા હનુમાન ચાલીસાના પાઠ કરી સૌએ શ્રધ્ધાંજલી આપી. બાઢડા નિવાસી પુષ્કરબાપુ દુધરેજીયા એ સંતવાણી પીરસી દરેકને મંત્રમુગ્ધ કરેલ ત્યારબાદ રાજ્યમંડળના ચેરમેનશ્રી અમરદાસબાપુ ના અધ્યક્ષ સ્થાને ધર્મ સભાનું આયોજન કરવામાં આવેલ. સમૂહ સ્તુતિ પ્રાર્થના કરવામાં આવેલ ત્યારબાદ અગ્રાવત પરિવાર તરફથી પધારેલો સંતો-મહંતો, રાજ્યમંડળના હોદ્દેદારોનું પુષ્પ ગુંછથી દરેકનું સન્માન કરવામાં આવેલ ત્યારબાદ રાજ્યમંડળના પાયાના પથ્થર તથા આપણા સમાજના સેવાના ભેખધારી પ.પૂ.ઘનશ્યામબાપુ (રાઘવ) તથા રાજ્યમંડળના માન.પ્રમુખશ્રી અરૂણભાઈ ડી. દેવમુરારી તથા ડૉ.પ્રવીણભાઈ ડી. લશ્કરી ટ્રસ્ટીશ્રી તથા કાણકીય કોલેજના પ્રોફેસરશ્રી રવૈયા સાહેબ એ પ્રસંગોચિત વ્યક્તવ્ય રજુ કરેલ અંતમાં અમરદાસબાપુ દ્વારા ચંદુબાપુની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે બોલતા જણાવેલ કે ચંદુબાપુના અવસાનથી તેમના પરિવારને મોટી ખોટ પડી છે પણ તેથી વિશેષ મોટી ખોટ તો રામાનંદી સમાજને પડી છે આ છાત્રાલયમાં એક એક ઈંટમાં ચંદુબાપુનું સ્મરણ થાય છે અને આ તકે રાજ્યમંડળ પૂ.ચંદુબાપુના રૂણમાંથી ક્યારેય મુક્ત થશે નહીં અને રાજ્યમંડળે તેમની માર્બલ તકતીમાં ફોટો પ્રતિમા તૈયાર કરી ચંદુબાપુના પરિવાર તથા રાજ્ય મંડળના હોદ્દેદારો દ્વારા પૂ.બાપુની માર્બલ ફોટો પ્રતિમા તક્તી અહી મંદિર પરિસરની દિવાલમાં કાયમી સ્મૃતિ રૂપે રાખવામાં આવશે તેવી જાહેરાત અને તક્તીનું અનાવરણ કરેલ. ત્યારબાદ ધર્મસભાનું કાર્ય પૂર્ણ કરવામાં આવેલ ત્યારબાદ દરેક મહેમાન તથા આમંત્રિત ને પ્રસાદ (ભોજન) લેવા વિનંતી કરવામાં આવેલ આમંત્રિત મહેમાનોને, સગા- સંબંધીઓ, કુટુંબીજનો વિશાળ સંખ્યામાં હાજરી આપી બાપુને શ્રધ્ધાંજલિ પાઠવી છાત્રાબાળાઓ સહિત કુલ ૨૫૦ વ્યક્તિઆ માટે પ્રસાદ તૈયાર કરાવવામાં આવ્યો. પ્રસાદ તૈયાર થયા પછી બાઢડા રામજી મંદિરે અને છાત્રાલયે ભગવાનને થાળ ધર્યા પછી સૌએ પ્રસાદ લીધો. આ પ્રસંગે રામવાડી ગોદડીયા આશ્રમ માલસર મહંતશ્રી ઘનશ્યામબાપુ દ્વારા છાત્રાબાળાઓને દરેકને રૂા.૨૦/- મુજબ દક્ષિણા અર્પણ કરેલ તથા પધારેલા સંતો મહંતો સાધુ બ્રહ્મણોને, બેન-દીકરીઓને યથા યોગ્ય ભેટ પુંજા અર્પણ કરવામાં આવી તથા આજરોજ આ પ્રસંગે થયેલ તમામ ખર્ચ તેમના તરફથી અર્પણ કરવામાં આવેલ. બાપુ તરફથી છાત્રાલયને ભોજન દાન રૂા.૧૫,૩૦૦/-પ.નં.૭૦૧૯-૨૦ થી મળેલ છે.

**અહેવાલ સંકલાલ :** ગુણવંતભાઈ કે. અગ્રાવત



ઘણીવાર નાની તક એ મોટા સાહસની શરૂઆત બને છે.



# પ.પૂ. બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ - કન્યા છાત્રાલય



## સાવરકુંડલા

## દયાવિધિ કાયમી નિભાવ ફંડ અંતર્ગત

## તિથી અનુદાન



### રૂા.૨૧૦૦/- કાયમી સ્મૃતિ જન્મદિન (વર્ષગાંઠ) કારીયાણી

શ્રી કારીયાણી નિવાસી મનીષભાઈ ઈશ્વરદાસ પીપાવત (મહામંત્રી-રાજ્યમંડળ)ના સુપુત્ર કેવલભાઈ એમ.પીપાવતની સુપુત્રી લાડલી **ચિ. શ્લોકા** નો ત્રીજો જન્મ દિવસ તા.૦૭/૧૦/૨૦૨૪ના અમદાવાદ મુકામે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે જન્મદિવસની કાયમી યાદી રૂપે શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવકુંડલા સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડ અંતર્ગત રૂા.૨૧૦૦/- તિથી અનુદાન આપેલ. **જન્મદિથી : ૭મી ઓક્ટોબર**

**:: હસ્તે ::**

શ્રી મનીષભાઈ આઈ. પીપાવત (દાદા) અ.સૌ.રંજનબેન એમ. પીપાવત (દાદી)
શ્રી કેવલભાઈ એમ. પીપાવત (પિતા) અ.સૌ.ભુમિકાબેન કે. પીપાવત (માતા)
અ.સૌ.કવિતાબેન આર. દિવાકર (ફૈબા) અ.સૌ.જાનકીબેન એસ. વૈષ્ણવ (ફૈબા)
નિશાંક-જયવીર-જીયાન્સ-પવિત્ર-વૃજ-સીયા-પ્રાન્સી

**ફર્મ** :રેઈન્બો ક્લોથીંગ • **TRUTI** બ્રાન્ડ,અમદાવાદ

**રૂા.૨૧૦૦/- બેંકમાં જમા મળેલ છે, આભાર...**

## ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય

સનતકુમાર ભાઈઓએ હરિદ્વારમાં પ્રથમવાર શ્રીમદ્ ભાગવતની કથા કહી ગંગા કિનારે હજારો ઋષિમુનિઓ સહિત નારદજીને ભાગવત કથા કહેવા લાગ્યા ત્યારે યમુના કિનારે બે શુદ્ધ પડેલા જ્ઞાન અને વૈરાગ્ય જાગ્યા અને પોતાની માતા ભક્તિને કહેવા લાગ્યા હે મા ગંગા કિનારે ભાગવત કથા થાય છે ત્યાં અમને લઈ જા, ભાગવત કથા સાંભળી બંને દિકરાએ જાગ્રત થઈ ભક્તિ કહે હે બ્રહ્મ પુત્રો આ કળીયુગમાં હવે અમારે ક્યાં રહેવું મુનિઓએ કહ્યું હે ભક્તિ તું ભક્તો અને વૈષ્ણવોના મનમાં વાસ કર, ભક્તિ હોય ત્યાં ભગવાન હોય જ શ્રીમદ્ ભાગવત શ્રવણથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉધ્ધાર થયાં ચારેબાજુ પાપાચાર ફેલાયેલો હતો. શ્રીમદ્ ભાગવત કથા શ્રવણથી પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ ફરી જાગે અને માનવીના મનમાં સુશુપ્ત દશામાં પડેલા જ્ઞાન અને વૈરાગ્ય જાગ્રત થાય, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ મોહ અને અહંકારનો નાશ થાય અને વિવેક બુદ્ધિનો ઉદય થાય જે માણસ પાપાચારી, ક્રોધી, કામી અને

**જ્ઞાન-વૈરાગ્ય વગરની ભક્તિ વાંઝણી છે,**
**જેનું મન પવિત્ર નથી તેનું મન અંતકાળે બહુ ગભરાય છે.**

**સંકલન :** ટી. કે. દેવમુરારી (સામાન્ય પેન્શનર)

**આભાર...**

## રામાનંદી સમાજનું ગૌરવ અભિનંદન



ખુબ ખુબ અભિનંદન પ્રતીભાબેન લશ્કરી રામાનંદી સાધુ સમાજ નું ગૌરવ માં સરસ્વતીની ઉપાસક અને સાધક કે જેમણે કથ્થક નૃત્ય માં ક્લાગુરૂની પદવી પ્રાપ્ત કરી અને ગુજરાત રાજ્ય ના આદરણીય રાજ્યપાલ શ્રી દેવવ્રત દ્વારા સન્માન પ્રાપ્ત કર્યું અને તા.૨૨/૦૯/૨૦૨૪ ના રોજ સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના કલાકારો ને નિમંત્રી અને રાજ્ય ભવન દેખાડી અને સ્વયં રાજ્યપાલશ્રી ના વરદ હસ્તે સન્માન પ્રાપ્ત કરનાર અને શ્રી પ્રતિભા હિમાંશુભાઈ લશ્કરી ને હૃદય પૂર્વક ખૂબ ખૂબ અભિનંદન અને ગૌરવ ની લાગણી અનુભવે છે અને આવનારા ભવિષ્ય માં પણ ખૂબ ખૂબ ઉત્તરોતર પ્રગતિ કરતા રહે અને રાજ્યના નહીં પણ રાષ્ટ્રના રાષ્ટ્પતિ દ્વારા સન્માનનીય બને તેવી મનોમન ખુબ ખુબ શુભેચ્છા હૃદયપૂર્વક અભિનંદ.

લી.શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા લાખ લાખ અભિનંદન પાઠવે છે



બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે.

## પ્રભુનું શરણ મેળવવા માટે ૧૦ પગથિયા

૧.) પ્રથમ તમે ભગવાનના હજાર નામમાંથી મનગમતું કોઈ પણ એક નામ પસંદ કરો.
૨.) બીજા પગથિએ પસંદ કરેલ નામનો અર્થ બરાબર જાણો.
૩.) પછી તે નામનો ભાવરહિત નિત્ય જપ કરો યથાશક્તિ.
૪.) એકજ નામનો સતત જપ થતા તમારી આંતરિક દૃષ્ટ વૃતિઓ ધીમે ધીમે આપોઆપ છુટતી જશે.
૫.) પાંચમા પગથિયે કહેવાની જરૂર નથી કે જે નામ તમે પ્રથમ પસંદ કર્યું હતું તેના શ્રવણ માત્રથી તમારા હૃદયમાં અને આંખોમાં અશ્રુ પ્રગટશે.
૬.) છઠ્ઠે પગથિયે હું શરિર છું તે મિથ્યાજ્ઞાન દૂર કરો અને પોતાને આત્મા સ્વરૂપ જાણો.
૭.) રાગ દેશથી પર એવી સમત્વની સ્થિતિ કેળવો અર્થાત પ્રાણી માત્રમાં સમભાવથી જુવો.
૮.) સમત્વના યોગથી આઠમે પગથિયે તમારા મનમાંથી ધીરે ધીરે આશક્તિ અને ક્રોધના ઝાળા વિખરાશે.
૯.) નવમાં પગથિયે તમે નિશ્ચિત તમારા હૃદયમાં અલૌકિક નિર્ભય આત્માનંદનો અનુભવ કરશો.
૧૦.) દસમા પગથિયે કહેવાની જરૂર નથી કે પ્રથમ તમે જે પ્રભુનું એક નામ પસંદ કરેલ તે નામમય બની જશો. પછી પ્રભુ અને તેના નામમાં કોઈ ફેર દેખાશે નહીં અને તે પ્રગટ નામના સહારે તે નામ રૂપ પ્રભુના શરણે જરૂર પહોંચશો (અસ્તુ)

પ્રેરણા : લલિતકુમાર નાગજીભાઈ ગજ્જર, અમદાવાદ

રામભક્તને દાન રૂ.૨૦૦/- પ.નં. ૬૬૭૭ થી મળેલ છે.

લેખન રજૂઆત : અગ્રાવત ગોકુલદાસ જીવરામદાસજી, ગામ-નારી, જી.-ભાવનગર.

### જન્મદિન ખુશાલી પ્રસંગે છાત્રાબાળાઓને આઈસ્ક્રીમ

# હેપ્પી બર્થડે અભિનંદન



ચક્કરગઢ નિવાસી (હાલ અમરેલી ) સ્થિત શ્રી શાંતિલાલ રતિલાલ દેવમુરારીના સુપુત્ર સન્તીભાઈ અને પુત્રવધુ પ્રિયંકાબેનના લાડલા પુત્ર ચિ.યુગ તા.૧૩/૦૯/૨૦૨૪ના રોજ ત્રણ વર્ષ પુરા કરી ચોથા વર્ષમાં પ્રવેશતા તેના જન્મદિનની ખુશી પ્રસંગે શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલયની બાળાઓને સારી ક્વોલીટીનો આઈસ્ક્રિમ ખવડાવી પોતાનો રાજીપો વ્યકત કર્યો, આઈસ્ક્રીમના રૂા.૧૧૦૦/- કેશ આપ્યા અને સંસ્થા મુલાકાતે પધારતા **ચિ. યુગ** (પૌત્રના જન્મદિન નિમિતે રામભક્તને રૂા.૫૦૦/- અર્પણ કરેલ જે.પ.નં. ૭૦૧૬ થી સ્વીકારી સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા બદલ આભાર સાથે **"હેપ્પી બર્થડે ટુ.યુ. યુગ"**

**:: હસ્તે ::**

શાંતિલાલ રતીલાલ દેવમુરારી (દાદા) સન્નીભાઈ શાંતિલાલ દેવમુરારી (પિતા)
જયશ્રીબેન શાંતિલાલ દેવમુરારી (દાદી) પ્રિયંકાબેન સન્નીભાઈ દેવમુરારી (માતા)
યશ શાંતિલાલ દેવમુરારી (કાકા)



અવસર ચૂકી જનારને પછતાવું પડે છે.

# રામાયણમાં વૈદ્યકીય તત્વ



ડૉ. સમૃધ્ધિ એ. નિરંજન
બી.એ.એમ.એસ

આજનાં સમયમાં વૈદ્ય એટલે કે ડોક્ટર અને તે આપણા સમાજનું અભિન્ન અંગ છે. શરીર મા જયારે કોઈ પણ પ્રકારની ઉણપ સર્જાય ત્યારે એને પૂર્વવર્ત કરવા માટે માત્ર આજના સમયમાં જ નહી પણ લગભગ બધા જ યુગમાં વૈદ્યએ સમાજનું એક અભિન્ન અંગ રહ્યું છે. કોઈ વાહન આપણે શોરૂમમાં થી લઈએ અને જો એમાં કંઈ તકલીફ આવે તો એને સરખી કરવાની ક્ષમતા કંપનીનાં કોઈ વ્યક્તિ મા જ હોય છે તેવી જ રીતે ભગવાને બનાવેલ માનવદેહ જયારે ક્ષીણ થઈ જાય ત્યારે તેને સ્વસ્થ કરનાર વૈદ્ય ભગવાનનો સૌથી નજીકનો અને માનીતો માણસ હશે એવું માનવામાં કોઈ સંકોચ નથી અને તેથી જ ડોકટર એ ભગવાનનો વ્હાલો દીકરો કહેવાય છે.

રામાયણમાં વૈદ્યની વાત આવે એટલે સુષેણ વેદ જ નજર સામે પ્રગટ થાય છે. રામાયણમાં એક વૈદ્ય તરીકે મોટામાં મોટું કોઈનું યોગદાન રહ્યું હોય તો એ છે વૈદ્ય સુષેણ. આજે આપણે સુષેણ વૈદ્યની વાત કરવી છે કે જેણે રામાયણ જેવા મહા ગ્રંથમા માનવદેહ ને સ્વસ્થતા અપાવવા માટે પછી તે મિત્ર હોય કે શત્રુ સર્વ માટે જીવનદાતા બનીને તે આવ્યા છે.

**આયુર્વેદ પ્રયોજન એમ કહે છે કે -**

**स्वास्थ्य स्वास्थ्य रक्षणम् । आतुरस्य विवकार प्रशमनम् च ॥**

અર્થાત એક વૈધનો ધર્મ છે કે એ સ્વસ્થ લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરે અને જે વિકાર ગ્રસ્ત છે એમનાં વિકારો નો નાશ કરે. રામાયણમાં પણ ઉપરોક્ત ધર્મનું પરિપાલન કરતા વેદરાજ સુષેણ અનેકોને યોગ્ય સારવાર આપીને સ્વસ્થ કરે છે. આયુર્વેદમાં ચિકિત્સાનું મુખ્યત્વે ત્રણ પ્રકારનું વર્ણન કરવામાં આવેલ છે. જેમાં પહેલું યુક્તિવ્યપાશ્રય બીજું દેવવ્યપાશ્રય અને ત્રીજું સત્વાવજય. યુક્તિવ્યપાશ્રય એટલે વૈધ પોતાની યુક્તિ અનુસાર ઔષધી આપીને સારવાર કરે છે. દેવવ્યપાશ્રય માં વૈદ્ય દ્વારા યજ્ઞ, હોમ, બલી વગેરે થી સારવાર કરવામાં આવે છે. સત્વાવજય મા વૈધ આશ્વાસન અને સમજણથી કોઈ બીમાર વ્યક્તિને સ્વસ્થ કરે છે.

રામાયણમા લક્ષ્મણ ની મૂર્છા નાં ઈલાજ માટે વૈદ સુષેણ દ્વારા જે સંજીવની ઔષધી મંગાવીને લક્ષ્મણ ની મૂર્છા દુર કરી તેને યુક્તિવ્યપાશ્રય ચિકિત્સા પદ્ધતિ કહેવામાં આવે છે. ગુરુ ની આજ્ઞા થી રાજા દશરથે પુત્ર પ્રાપ્તિ માટે કરાવેલો પુત્રષ્ટી યજ્ઞ એ દેવવ્યપાશ્રય ચિકિત્સાનું મોટામાં મોટું ઉદાહરણ છે. આજે પણ ભારતના અમુક ભાગમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં કુષ્ઠ રોગની સારવાર માટે ભગવાન શિવ ના હોમ હવન કરીને ચિકિત્સા કરવામાં આવે છે. આવી જ રીતે શરીરમાં થતાં વર (તાવ) માટે વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ પણ દેવવ્યપાશ્રયી ચિકિત્સાનો એક પ્રકાર છે. આગળ જોઈએ તો કિષ્કિન્ધા કાંડમાં વાલીથી ડરીને સુગ્રીવ ઋષ્યમુક પર્વત પર છુપાઈને રહેતા હતા. મહારાજ સુગ્રીવ ને સતત વાલી નો ભય રહેતો હતો સમયાંતરે પરિસ્થિતિ એવી નિર્માણ થઈ કે પોતાના અંગત વ્યક્તિ ને પણ સુગ્રીવ શત્રુ માની લેતો. રામ અને લક્ષ્મણ પર્વત ની નજીક ફરી રહ્યા છે એવા સમાચારથી એ ધ્રુજવા લાગે છે અને હનુમાનજી ને તેની તપાસ નાં આદેશ આપે છે. સુગ્રીવ નાં આ ડરને આધુનિક ચિકિત્સા પદ્ધતિમા કાલ્પનિક ડર અથવા ફોબિયા કહેવામાં આવે છે. રાજા સુગ્રીવનું માનસિક બળ વધારવા માટે ભગવાન શ્રીરામે હનુમાનજી ની સહાયતાથી રાજા સુગ્રીવની સત્વાવજય ચિકિત્સા કરી હશે એમ કહી શકાય.

આયુર્વેદ મુજબ વૈધનો ધર્મ છે કે તે પોતાની પાસે સંકટ સમયે ઉપયોગી તમામ પ્રકારની ઔષધીનું પાલનપોષણ કરે અને તેનો સંગ્રહ કરે. જેથી ભવિષ્યમા મહામારી જેવા કપરા સમયે જયારે જમીન, જળ, વાયું અને આકાશ બધું દુષિત હોય ત્યારે એ ઔષધીનો ઉપયોગ કરી માનવ સમાજ ને તંદુરસ્ત કરી શકાય. રામાયણમાં પણ આ વાતનું સમર્થન કરવામાં આવ્યું છે, મને યાદ છે કે જયારે કોરોનાની મહામારી આવી ત્યારે મોટાભાગના ઘરના આંગણાઓ મા રહેલ તુલસી સુકાઈ ગયા હતા અને એ વાત ને પ્રમાણિત કરતા આયુર્વેદ પણ કહે છે કે ભવિષ્ય મા આવનારી મહામારી ની અસર પ્રકૃતિ પર જોવા મળતી હોય છે. રામાયણનાં બાલકાંડમાં એક પ્રસંગ છે કે ગૌતમઋષી નાં આશ્રમમા ઈન્દ્ર દ્વારા કપટ થવાનું છે અને તેના પરિણામ સ્વરૂપે ગીતમઋષીએ આશ્રમ છોડીને દેવ લોકમાં જવું પડશે અને અહલ્યાએ પત્થર બનીને આશ્રમમાં રહેવું પડશે. મારા માનવા પ્રમાણે ઉપરની ઘટના ઘટીત થાય તે પહેલા જ આશ્રમ મા રહેલી વનસ્પતિ જેમાં અનેક પ્રકારની ઔષધી પણ હતી જે સુકાઈ ગઈ હશે. જયારે રામના ચરણ આશ્રમ માં પડે છે એ જ સમયે સુકાઈ ગયેલી વનસ્પતિ ખીલી ઉઠી હશે અને તેના પ્રભાવથી જડવત અહલ્યા ચેતનવંત બની ગઈ હશે.

વૈધ સુષેણે લંકામાં લગભગ બધા જ પ્રકારની ઔષધીઓનો ઉછેર કર્યો હતો જે યુદ્ધમાં ઘાયલ થયેલી સેનાને તરત જ સાજી કરવા માટે સક્ષમ હતી. યુદ્ધ વખતે દુશ્મનોની સેના ઔષધીથી સ્વસ્થ થઈને યુદ્ધમાં પરત ન ફરે એટલા માટે જ કદાચ હનુમાનજીએ લંકાનું દહન કરી તમામ પ્રકારની ઔષધીઓનો નાશ કર્યો હતો

લંકામાં રામ અને રાવણ વચ્ચે ભયાનક યુદ્ધ ચાલુ હતું એ સમયે મેઘનાદ દ્વારા લક્ષ્મણ પર વિરઘાતીની શક્તિ નો પ્રહાર કરવામાં આવે છે જેથી લક્ષ્મણ ઘાયલ થઈ મૂછતિ થઈ જાય છે. આ કપરા સમયે શું કરવું? એ સમજાતું ન હતું. એ સમયે વિપત્તિમા થી માર્ગ બતાવી લક્ષ્મણને મૂર્છા માંથી બહાર લાવનાર કોઈ તારણહાર ની જરૂર હતી અને તે કોણ હોઈ શકે? વિકટ પરિસ્થિતિમા પણ માર્ગદર્શન કરી સમસ્યાનું સમાધાન કરવું એ રામાયણ નો શ્રેષ્ઠ ગુણ છે. રામકથાના આધારે જોઈએ તો ઘટના સ્થળે એવા પાંચ વ્યક્તિઓ હાજર હતા જેનાં પર પૂરી રામસેના ને ભરોસો હતો.એ પાંચ વ્યક્તિ પર દ્રષ્ટિ કરીએ તો તેમાં બે વૃદ્ધ હતા એક જામવંત અને બીજા સુષેણ, બે યુવાન જેમાં એક હનુમાનજી અને બીજા લક્ષ્મણ. આ સિવાય પાંચમાં સ્થાને પ્રભુ શ્રીરામ છે જેને સમય પ્રભાવિત નથી કરી શકતો.અર્થાત શ્રીરામ કાલાતીત છે. લક્ષ્મણ એ શેષનો અવતાર છે અને કાળને બાળપણ કે વૃદ્ધત્વ નથી હોતું. પરંતુ લક્ષ્મણ સાક્ષાત કાળ હોવા છતાં અહી મૂતિ અવસ્થામાં છે. રામાયણ માં હનુમાનજી નું ચિત્રણ યુવાન નાં રૂપ માં કરવામાં આવ્યું છે. આયુર્વેદ એમ કહે છે કે વૈધને લેવા અને ઔષધી લેવા માટે જે વ્યક્તિ જવાનો હોય તેના પર ચિકિત્સાની સફળતા કે અસફળતા નિર્ભર હોય છે.કારણ કે કોઈ એવો વ્યક્તિ જ વેધને અને ઔષધીને લેવા જવો જોઈએ જે પોતે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ અને બળવાન હોય. જયારે જામવંતજીએ પોતાના વૃદ્ધત્વના ડાહપણને દર્શાવતા લક્ષ્મણની સારવાર માટે લંકાના વૈધને લાવવાનું સૂચન કર્યું ત્યારે હનુમાનજી તરફ જ બધાની નજર ગઈ અને હનુમાનજીએ વૈધને લાવવાનો નિર્ણય કર્યો અને ભવન સાથે વૈધ સુષેણ ને આકાશ માર્ગ થી યુદ્ધ ભૂમી માં લઈ આવ્યા.

વૈધ સુષેણ લક્ષ્મણ ની ચિકિત્સા કરવાની નાં પાડતા કહે છે કે લક્ષ્મણ એ મારા રાજાનાં દુશ્મનનો ભાઈ છે મારા રાજાના દુશ્મનનાં ભાઈ ની ચિકિત્સા કરવી એ મારા માટે રાજદ્રોહ ગણાય. આ સમયે રામાયણ વૈધનો ધર્મ બતાવતા કહે છે છે કે " વૈધએ ચિકિત્સા સમયે દુશ્મન કે મિત્ર ગરીબ કે અમીર કોઈપણ ભેદ કર્યા વગર ચિકિત્સામાં તત્પર થવું જોઈએ" આમ સત્ય ને જાણ્યા પછી વૈધ સુષેણ હનુમાનજીને સંજીવની ઔષધી લાવવાનું કહે છે અને હનુમાનજીએ લાવેલી સંજીવની ઔષધીથી વૈધ સુષેણ મૂર્છિત લક્ષ્મણ પર એ સંજીવની નો પ્રયોગ કરીને યુક્તિવ્યપાશ્રય ચિકિત્સા કરે છે.

સંક્ષેપમાં કહી શકાય કે રામાયણ એ સર્વ સમસ્યાઓના સમાધાનનો ગ્રંથ છે. આજના યુગમા વ્યક્તિ અનેક સમસ્યાઓ થી ઘેરાયેલો છે એમની માનસિક સ્થિતિ અસ્વસ્થ છે આવી વિકટ પરિસ્થિતિમા સુગ્રીવ પાસે રામને અને લક્ષ્મણ પાસે સુષેણ વૈધને પહોચાડવામાં રામાયણ જ હનુમાનજી ને મોકલીને સુગતિ પ્રદાન કરી શકે એમાં કોઈ શંકા નથી.

**ડો. સમૃધ્ધિ નિરંજન**
**વિસાવદર**

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



કેશોદ નિવાસી કિશોરભાઈ લક્ષ્મણદાસ કુબાવત (પૂર્વ પ્રમુખ શ્રી રામાનંદી સાધુ સમાજ કેશોદ) તેમજ રમેશભાઈ કુબાવત નાં પિતાજી સ્વ.શ્રી લક્ષ્મણદાસ કરશનદાસ કુબાવત (પુર્વ પ્રમુખ શ્રી રામાનંદી સાધુ- કેશોદ) સ્વ.તા.૫/૧૦/૨૦૨૪, ને શનિવાર નાં રોજ સાંકેતવાસી થયા છે ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર દિવંગત નાં દિવ્ય આત્મા ને શાંતિ આપે ને કુબાવત પરિવાર પર આવેલ દુઃખ સહવાની શક્તિ આપે ને રાઘવેન્દ્ર સરકાર તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલીઓમ્ શાંતિ... શાંતિ.. શાંતિ...

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી જય સિયારામ... જય દ્વારકાધીશ... જય રામાનંદ...

**:: અર્પણકર્તા ::**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી કન્યા છાત્રાલય પરિવાર
શ્રી રામભક્ત સંપાદક મંડળ તથા મંડળના કારોબારી સભ્યો



તક ગુમાવી એટલે સફળતા ગુમાવી.



# :: સંસ્થા સમાચાર ::

## છાત્રાબાળાઓને દાતાશ્રી તરફથી અપાયેલ મિષ્ટભોજન તિથીની યાદી

**તા.૨૯/૦૮/૨૦૨૪ થી તા.૩૦/૦૮/૨૦૨૪**

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(શ્રાવણ વદ-૧૧, ગુરૂવાર તા.૨૯/૦૮/૨૦૨૪-સંયુક્ત)**

અમદાવાદ નિવાસી લલિતભાઈ જમનાદાસ નિમાવત તરફથી સા.વા.કાશીબેન જમનાદાસ નિમાવત ની પુણ્યતિથિએ મિષ્ટ ભોજનમાં લાડવા, સાટા, સેવ-ગાંઠીયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્ર બાળાઓએ પ્રસાદ લીધો.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(શ્રાવણ વદ-૧૧, ગુરૂવાર તા.૨૯/૦૮/૨૦૨૪-સંયુક્ત)**

જામનગર નિવાસી સંદીપભાઈ કનુભાઈ રામાનુજ તરફથી સા.વા.કનુભાઈ વિષ્ણુપ્રસાદ રામાનુજ ની પુણ્યતિથિએ એક દિવસની બે તિથિ હોવાથી બપોરે બન્ને સંયુક્ત ઉજવતા ઉપર મુજબ મિષ્ટભોજન આપવામાં આવેલ સૌ છાત્રાબાળાઓએ બન્નેને શ્રધ્ધાંજલિ પાઠવી પ્રસાદ લીધો.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**( શ્રાવણ વદ-૧૨, શુક્રવાર તા.૩૦/૦૮/૨૦૨૪ )**

બાઢડા નિવાસી લાલજીભાઈ કડવાભાઈ સાવલીયા તરફથી સા.વા.કડવાભાઈ કરશનભાઈ સાવલીયાની પુણ્યતિથિ એ મિષ્ટભોજન માં શુદ્ધ ઘીમાં મોહનથાળ, ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(શ્રાવણ વદ-૧૪, રવિવાર તા.૦૧/૦૯/૨૦૨૪)**

અમદાવાદ નિવાસી અમૃતલાલ હિંમતરામ રામાવત તેમજ સિધ્ધાર્થભાઈ રામાવત તરફથી સા.વા.હિંમતરામ વાલદાસ રામાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં (ઓરમુ)ફાડા લાપસી, ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો દાતાશ્રીને ટેલીફોનિક જાણ કરેલ

### રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**શ્રાવણ વદ-૩૦(અમાસ), સોમવાર તા.૦૨/૦૯/૨૦૨૪(સંયુક્ત)**

રાજકોટ નિવાસી હંસાબેન જગદીશભાઈ દેવમુરારી તેમજ કોડીનાર મીનાક્ષીબેન જીગ્નેશભાઈ આચાર્ય બન્ને બહેનો તરફથી સા.વા.રમાબેન રાજેશભાઈ નિમાવત તેમજ સા.વા.ઓમકુમાર રાજેશભાઈ નિમાવત (માતા-પુત્ર) ની પુણ્યતિથિએ મિષ્ટ ભોજનમાં ટોપરાપાક, બરફી, સેવ-મમરી, રોટલી-શાક, દાળ-ભાત સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી શ્રધ્ધાંજલી અર્પી છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**શ્રાવણ વદ- ૩૦ (અમાસ), સોમવાર તા.૦૨/૦૯/૨૦૨૪ (સંયુક્ત)**

ઉના નિવાસી જયેશભાઈ હરિભાઈ અગ્રાવત તરફથી સર્વે પિતૃશ્રી સા.વા.છગનદાસ જેરામદાસ અગ્રાવત તેમજ શાંતાબેન છગનદાસ અગ્રાવતની સંયુક્ત પિતૃ તિથિ પુણ્યતિથિએ બપોરના બે તિથિ સંયુક્ત ઉજવાતા ઉપર મુજબ ટોપરાપાક, બરફી, સેવ-મમરી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો. દાતાશ્રીને ટેલીફોનિક જાણ કરેલ.



અવસર વગર બોલવું વ્યર્થ છે.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૧, બુધવાર તા.૦૪/૦૯/૨૦૨૪)**

બાઢડા નિવાસી કાળુભાઈ ચંદુબાપુ અગ્રાવત તેમજ વિનોદભાઈ ચંદુબાપુ અગ્રાવત તરફથી સા.વા.ચંદુબાપુ રામદાસબાપુ અગ્રાવત ની પુણ્યતિથિએ ચુરમાના લાડુ, ભજીયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો મહેમાનો-છાત્રા બાળઓ, ટ્રસ્ટીશ્રી વગેરે સાથે પ્રસાદ લીધો તેમજ રૂા.૧૧/- લેખે છાત્રાબાળાઓને દક્ષિણા ભેટ આપી.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૨, ગુરૂવાર તા.૦૫/૦૯/૨૦૨૪)**

ભાવનગર નિવાસી વિજયભાઈ પોપટલાલભાઈ નિમાવત તરફથી સા.વા.પોપટલાલ વજેરામજી નિમાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં લીસા લાડવા, ગાંઠીયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**( ભાદરવા સુદ-૫, રવિવાર તા.૦૮/૦૯/૨૦૨૪ )**

રાજકોટ નિવાસી દેવેન્દ્રભાઈ જમનાદાસ ટીલાવત તરફથી સા.વા.તરૂણાબેન જમનાદાસ ટીલાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં સેવ, બરેજ, ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો દાતાશ્રીને ટેલીફોનિક જાણ કરેલ.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૬, સોમવાર તા.૦૯/૦૯/૨૦૨૪ - સંયુક્ત)**

મોવૈયા નિવાસી દલસુખભાઈ ભાયલાલભાઈ નિમાવત તરફથી સા.વા.લીલાબેન દલસુખભાઈ નિમાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજન માં ટોપરાપાક, મોહનથાળ, સેવ-ગાંઠિયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો. જેની પ્રેરણા પડધરી નિવાસી સંદીપભાઈ નિમાવતે આપેલ જેઓ ટેલીફોનિક જાણ કરેલ.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૬, સોમવાર તા.૦૯/૦૯/૨૦૨૪-સંયુક્ત બપોરે)**

મોરબી નિવાસી સ્વ.સવિતાબેન બાલકૃષ્ણદાસ અગ્રાવત તેમજ બકુલભાઈ અગ્રાવત તરફથી સા.વા.બાલકૃષ્ણદાસ વનમાળીદાસ અગ્રાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં એક દિવસની ત્રણ તિથિ હોવાથી બે સંયુક્ત બપોરે ઉજવતા ઉપર મુજબ મિષ્ટ ભોજનમાં ટોપરાપાક, મોહનથાળ, સેવ-ગાંઠિયા, રોટલી-શાક, દાળ-ભાત વગેરે તૈયાર કરી થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી દરેક છાત્ર બાળાઓ સહિત પ્રસાદ લીધો.

## "ચિ.ધ્વનિ" ના જન્મદિવસ નિમિતે



**તા.૦૯/૦૯/૨૦૨૪ સોમવાર**

અમદાવાદ નિવાસી અલ્પા જીગ્નેશભાઈ રામાવત ની પુત્રી તેમજ સા.કુંડલા સ્થિત આપણા કન્યા છાત્રાલયના ગૃહમાતા રંજનબેન લક્ષ્મીરામ રામાવતની પૌત્રી **"ચિ.ધ્વનિ"** પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા સાંજે દરેક છાત્ર બાળાઓને માવા-મલાઈ આઈસ્ક્રીમ આપવામાં આવેલ હેપી બર્થ ડે **"ધ્વનિ"**

## ભાદરવા સુદ-૬ સોમવાર તા.૦૯/૦૯/૨૦૨૪



**(ભાદરવા સુદ-૬, સોમવાર તા.૦૯/૦૯/૨૦૨૪-રાત્રે)**

સાવરકુંડલા શિવ મંડળ ચમેલીગીરીબાપુ નો આશ્રમ હરી કેટર્સ તરફથી સાંજે અનલિમિટેડ દાબેલી પોતાને ત્યાં જાતે બનાવી પહોંચતી કરી સૌ છાત્રાબાઓએ દાબેલી નો પ્રસાદ લીધો શિવ મંડળ નો ખુબ ખુબ આભાર.



મૂર્ખાઓ જ અભિમાન કરે છે.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૭, મંગળવાર તા.૧૦/૦૯/૨૦૨૪)**

ખરવાસા નિવાસી મહામંડલેશ્વર જગદીશબાપુ તરફથી સા.વા.સંતશ્રી આશુતોષદાસજી, ગુરૂશ્રી જગદીશબાપુની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં મોહનથાળ, સેવ-મમરી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૮, બુધવાર તા.૧૧/૦૯/૨૦૨૪)**

શાપર વેરાવળ પરસોતમદાસ મનહરદાસ અગ્રાવત તરફથી સા.વા.જયાબેન પરસોતમદાસ અગ્રાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં શુધ્ધ ઘીમાં સેવ-બરેજ, ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સલાડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી છાત્રાબાળાઓ સહિત સૌએ પ્રસાદ લીધો દાતાશ્રીને ટેલિફોનિક જાણ કરેલ.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**( ભાદરવા સુદ-૯, ગુરુવાર તા.૧૨/૦૯/૨૦૨૪-સંયુક્ત )**

બોટાદ નિવાસી રમેશભાઈ મયારામજી દેવમુરારી તરફથી સા.વા.મયારામજી વનમાળીદાસજી દેવમુરારીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં લાડવા, સાટા, સેવ-ગાંઠીયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો દાતાશ્રી ને ટેલીફોનિક જાણ કરેલ.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૯, ગુરૂવાર તા.૧૨/૦૯/૨૦૨૪-સંયુક્ત)**

વડોદરા નિવાસી શ્રીમતી મધુબેન જયદેવભાઈ અગ્રાવત તરફથી સા.વા.શાંતાબેન શાંતિલાલ લશ્કરીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં બપોરે સંયુક્ત ઉજવતા લાડવા, સાટા, સેવ-ગાંઠિયા, રોટલી- શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો દાતાશ્રીને ટેલીફોનિક જાણ કરેલ.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૧૦, શુક્રવાર તા.૧૩/૦૯/૨૦૨૪)**

બોટાદ નિવાસી કિશોરભાઈ પ્રભુદાસજી પીપાવત તરફથી સા.વા.પ્રભુદાસજી શિવરામદાસજી પીપાવત ની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં લાપસી, ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી પ્રસાદ લીધો.

## "ચિ.યુગ" ના જન્મદિવસ નિમિતે



**તા.૧૩/૦૯/૨૦૨૪ શુક્રવાર**

ચક્કરગઢ અમરેલી નિવાસી શાંતિલાલ રતિલાલ દેવમોરારી તરફથી ચિ.યુગ સન્નીભાઈ દેવમુરારી બર્થ-ડે જન્મદિને ચોથા વર્ષમાં પ્રવેશ કરતા સાંજે માવા-બદામ આઈસ્ક્રીમ ખવરાવી જન્મદિન ઉજવણી કરેલ જે માટે રૂા.૧૧૦૦/- આઈસ્ક્રીમ માટે અલગથી આપેલ હેપ્પી બર્થ-ડે **"યુગ"**.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૧૨, રવિવાર તા.૧૫/૦૯/૨૦૨૪)**

અમદાવાદ નિવાસી જગદીશભાઈ દલપતરામ દેવમુરારી તરફથી સા.વા.કુમારી નિરૂબેન દલપતરામ દેવમુરારીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં ફાડા લાપસી(ઓરમુ), ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો તેમજ તેમના તરફથી રૂા.૫૦/- દરેક છાત્રાબાળાઓને દક્ષિણા ભેટ આપી દાતાશ્રીને ટેલીફોનિક જાણ કરેલ.



અભિમાનથી માનવી ફુલાઈ શકે છે ફેલાઈ શકતો નથી.

## "ચિ.જીગ્નેશ" ના જન્મદિવસ નિમિતે



**(તા.૧૫/૦૯/૨૦૨૪, રવિવાર)**

ભાવનગર નિવાસી ચિ.જીગ્નેશ લક્ષ્મીરામ રામાવતના વર્ષગાંઠ જન્મદિને આપણી સંસ્થાના કન્યા છાત્રાલયમાં ગૃહમાતા રંજનબેન લક્ષ્મીરામ રામાવત તરફથી તેમના પુત્રના જન્મદિને સાંજે દરેક છાત્રાબાળાઓને આઈસ્ક્રીમ ખવરાવી ઉજવેલ હેપ્પી બર્થ-ડે **"જીગ્નેશભાઈ"**

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૧૫, બુધવાર તા.૧૮/૦૯/૨૦૨૪)**

નાના માંડવા નિવાસી પુરૂષોત્તમદાસ એમ. અગ્રાવત તેમજ અરવિંદભાઈ અગ્રાવત તથા સાગરભાઈ અગ્રાવત પૌત્ર તરફથી સા.વા.જકલબા મકનદાસજી અગ્રાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં બરફી, મોહનથાળ, સેવ-ગાંઠિયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળા, મહેમાન, સ્ટાફ સહિત પ્રસાદ લીધો તેમજ સાગરભાઈ તરફથી દરેક છાત્રાબાળઓને દક્ષિણા માટે બેંકમાં રકમ જમા કરાવી તેમાંથી દરેક છાત્રાબાળાઓને રૂા.૧૧/- લેખે દક્ષિણા ભેટ આપી.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા સુદ-૧૫ તેમજ પડવો ભેગા કરતા બુધવાર તા.૧૮/૦૯/૨૦૨૪)**

મોટા લીલીયા નિવાસી ગં.સ્વ.કાન્તાબેન નાનાલાલ અગ્રાવત તેમજ કમલેશભાઈ અગ્રાવત તથા ભરતભાઈ અગ્રાવત તરફથી સા.વા.નાનાલાલ મનોહરદાસ અગ્રાવતની પુણ્યતિથિ એ મિષ્ટભોજનમાં બે સંયુક્ત તિથિ બપોરે ઉજવતા ઉપર મુજબ બરફી, મોહનથાળ, સેવ-ગાંઠિયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી આવેલા મહેમાન, સ્ટાફ, છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો તેમજ દરેક છાત્રાબાળાઓ સ્ટાફ સહિત સર્વેને રૂા.૧૧/- લેખે દક્ષિણા આપી.

## સા.વા.રમેશભાઈ મૈસુરિયાની શ્રાધ્ધ તિથિ નિમિતે



**(ભાદરવા સુદ-૧૫, બુધવાર તા.૧૮/૦૯/૨૦૨૪)**

સાવરકુંડલા નિવાસી આપણી સંસ્થા કન્યા છાત્રાલયના રસોયા ગં.સ્વ.રેખાબેન રમેશભાઈ મૈસુરિયા તરફથી રાત્રે સા.વા.રમેશભાઈ મૈસુરિયાની શ્રાદ્ધ તિથિ હોય રાત્રે દરેક છાત્રાબાળઓએ તેમજ સ્ટાફ સહિત આઈસ્ક્રીમ ખવડાવવામાં આવેલ.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧/૨, ગુરૂવાર તા.૧૯/૦૯/૨૦૨૪)**

બોટાદ નિવાસી સરજુદાસ જમનાદાસ રામાવત તેમજ તેમના પુત્રો વિનોદભાઈ રામાવત, ભરતભાઈ રામાવત, રાજેશભાઈ રામાવત તરફથી સા.વા.નિર્મળાબેન સરજુદાસ રામાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં દુધપાક, પૂરી, ખમણ, છુટી દાળ, કઢી-ભાત, શાક, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૨, ગુરૂવાર તા.૧૯/૦૯/૨૦૨૪)**

સાવરકુંડલા નિવાસી ગઢીયા પ્રોવિઝન સ્ટોર શ્રી જીતુભાઈ જગજીવનદાસ ગઢીયા તરફથી સા.વા.ગીતાબેન જીતુભાઈ ગઢીયાની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં દુધપાક, પૂરી, ખમણ, ચટણી, છૂટી દાળ, શાક, કઢી-ભાત, પાપડ, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓ, ટ્રસ્ટીશ્રી, સ્ટાફ સહિત સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી પ્રસાદ લીધો તેમજ તેમના તરફથી દરેક છાત્રાબાળાઓ, સ્ટાફ સહિત સર્વેને રૂ.૧૧/- દક્ષિણા આપી જેમાં જોઈતી તમામ કરીયાણાનું કાચું સીધું તેમના દુકાન થી મોકલી રૂબરૂ આપી શ્રધ્ધાંજલી પાઠવી.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૩, શુક્રવાર તા.૨૦/૦૯/૨૦૨૪)**

હાવતડ પ્રેમદાસબાપુની મઢીના સા.વા.મહંત ભાણદાસબાપુ, ગુરૂશ્રી દયારામબાપાની શ્રાધ્ધતિથિ એ મિષ્ટભોજન તિથિ દ્વારકા નિવાસી શ્રી મહંતબાપુ ગુરૂશ્રી દયારામબાપા તરફથી મિષ્ટ ભોજનમાં લાડવા, મોહનથાળ, સેવ-મમરી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સર્વ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો તેમજ તેમના પ્રતિનિધિ તરીકે પૂ.ઘનશ્યામબાપુએ દરેક છાત્રાબાળઓ, સ્ટાફ સહિત સર્વેને રૂા.૧૧/- લેખે દક્ષિણા ભેટ આપી.



અહિંસા એટલે બીજાનાં જીવન પ્રતિ તેમના વ્યક્તિત્વ પ્રત્યે આદર.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૩, શુક્રવાર તા.૨૦/૦૯/૨૦૨૪ )**

રાજકોટ નિવાસી ગ.સ્વ.વનીતાબેન મનસુખલાલ નિમાવત તેમજ હંસાબેન ચેતનદાસ નિમાવત બંન્ને પુત્રીઓ તરફથી ભાલપરા સા.વા.મુક્તાબેન જાનકીદાસ દેવમુરારીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં બે તિથિ સંયુક્ત ઉજવતા લાડવા, મોહનથાળ, સેવ-મમરી, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સર્વ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## ભાદરવા વદ-૪, શનિવાર તા.૨૧/૦૯/૨૦૨૪



દ્વારિકાપુરી નિવાસી શ્રી મહંતબાપુ, ગુરૂશ્રી દયારામબાપાના ટેલીફોનિક સુચના મુજબ પ.પૂ.શ્રી બજરંગદાસબાપાની શ્રાધ્ધતિથિએ શુધ્ધ ઘીના ચુરમાના લાડુ, ભજીયા, ચટણી, રોટલી-શાક દાળ પાપડ સંભારો વગેરે તૈયાર કરી બાપાને થાળ ધરી હનુમાન ચાલીસા પાઠ કરી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો તેમજ દરેક સ્ટાફ, છાત્રાબાળાઓ સહિત સર્વેને રૂા.૧૧/- દક્ષિણા ભેટ આપી. પૂ.મહંતબાપુ તરફથી ભોજન દાન રૂા.૫૧૦૦/- પ.નં.૭૦૨૬ થી મળેલ છે.

## ભાદરવા વદ-૪, શનિવાર તા.૨૧/૦૯/૨૦૨૪



કલ્યાણપુર નિવાસી ધર્મેન્દ્રભાઈ કરશનદાસ નિમાવત તરફથી સા.વા.કરશનદાસ ભગવાનદાસ નિમાવતની પુણ્યતિથિએ સાંજે નાસ્તા માટે છાત્રાબાળાઓને મનપસંદ પાણીપુરી, ગુલાબજાંબુ વગેરેની સાંજે છાત્ર બાળાઓને જમવાડવા માટે રૂા.૨૧૦૦/- ભોજન ભેટ મોકલાવામાં આવેલ.ખૂબ ખૂબ ધન્યવાદ તેમજ તેમના તરફથી એક મિષ્ટભોજન તિથી પણ આપેલ છે. આભાર ખૂબ ખૂબ ધન્યવાદ

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૫, રવિવાર તા.૨૨/૦૯/૨૦૨૪)**

કાલાવડ શીતલા નિવાસી ગં.સ્વ.શારદાબેન જગદીશભાઈ દેવમુરારી તરફથી સા.વા. જગદીશભાઈ વ્રજલાલ દેવમુરારીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં મોહનથાળ, ટોપરાપાક, ખમણ, રોટલી-શાક, દાળ-ભાત વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૫, રવિવાર તા.૨૨/૦૯/૨૦૨૪)**

સાવરકુંડલા નિવાસી ડૉ.ભુપેન્દ્રભાઈ દેવમુરારી તેમજ ભાવેશભાઈ દેવમુરારી તરફથી સા.વા. કિશોરભાઈ લક્ષ્મીરામજી દેવમુરારીની પુણ્યતિથિએ મિષ્ટ ભોજન ઉપરોક્ત એક દિવસની ચાર તિથી હોવાથી બે બપોરે સંયુક્ત ઉજવતા ઉપરોક્ત મિષ્ટભોજન તૈયાર કરી થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.ડોકટર સાહેબે પરિવાર સાથે હાજરી આપી પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૫, રવિવાર તા.૨૨/૦૯/૨૦૨૪-સાંજે)**

જુનાગઢ નિવાસી બિહારી દાસ વિઠ્ઠલદાસ અગ્રાવત તરફથી સા.વા. છગનદાસ ભોવનદાસ નિમાવત ની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં સાંજે ખીર-પૂરી, શાક, પાપડ, વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૫, રવિવાર તા.૨૨/૦૯/૨૦૨૪-સાંજે)**

બાઢડા નિવાસી બટુકભાઈ મોહનભાઈ વિરાણી તરફથી સા.વા.લલીતાબેન બટુકભાઈ વિરાણીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં સાંજે કારણ એક દિવસની ચાર તિથી હોવાથી બે બપોરે સંયુક્ત બે સાંજે ઉજવતા મિષ્ટભોજન આપવામાં આવેલ જેની પ્રેરણા આપણી સંસ્થાના પુર્વ ટ્રસ્ટીશ્રી ચંદુબાપુ અગ્રાવત-બાઢડા તરફથી અપાયેલ.



આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતુટ શ્રધ્ધા.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૬, સોમવાર તા.૨૩/૦૯/૨૦૨૪ )**

હળવદ નિવાસી મુકેશભાઈ ઈશ્વરદાસ રામાનુજ તરફથી સા.વા.સોનલબેન મુકેશભાઈ રામાનુજની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં મોતીચૂર લાડવા, ખમણ, ચટણી, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૭, મંગળવાર તા.૨૪/૦૯/૨૦૨૪ )**

જૂનાગઢ નિવાસી પુર્વેશભાઈ એલ. નિમાવત તરફથી સા.વા. હરીબેન જેતરામભાઈ નિમાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં લાડવા, ભજીયા, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

### ભાદરવા વદ-૭, મંગળવાર તા.૨૪/૦૯/૨૦૨૪



રળોલ નિવાસી ગ.સ્વ.ભાવનાબેન મથુરદાસબાપુ અગ્રાવત તેમજ પુત્રી જયશ્રીબેન મથુરદાસબાપુ અગ્રાવત તરફથી સા.વા.મહંતશ્રી મથુરદાસબાપુ અગ્રાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજન આપવા ટેલિફોનિક સુચના મુજબ મિષ્ટ ભોજનમાં ચુરમાંના લાડુ, ભજીયા, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો જેના ભોજન દાન ના રૂા.૫૧૦૦/-.૭૦૯૯ થી જમા મળેલ છે.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૮, બુધવાર તા.૨૫/૦૯/૨૦૨૪)**

સુંદરીયાણા નિવાસી જીગ્નેશભાઈ લક્ષ્મીરામ રામાવત તેમજ આપણી કન્યા છાત્રાલયના ગૃહપતિ લક્ષ્મીરામ રણછોડદાસ રામાવત તરફથી સા.વા.રાજેશભાઈ લક્ષ્મીરામ રામાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં ફ્રુટ સલાડ, પુરી, ખમણ, ચટણી, દાળ-ભાત, શાક, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો તેમજ જીગ્નેશભાઈ રામાવત તરફથી દરેક છાત્રાબાળાઓ સહિત સર્વેને રૂા.૧૧/- લેખે દક્ષિણા અપી.

### રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૮, બુધવાર તા.૨૫/૦૯/૨૦૨૪)**

ધુટુ-રાજકોટ નિવાસી દિલીપભાઈ રામાવત તેમજ હરેશભાઈ રામાવત તરફથી સા.વા.જયાબેન મનસુખલાલ રામાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં બપોરે બે તિથિ સંયુક્ત ઉજવતા ફ્રુટ સલાડ, પુરી, ખમણ, ચટણી, દાળ-ભાત, શાક, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો.

### રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૮, બુધવાર તા.૨૫/૦૯/૨૦૨૪-સાંજે)**

જામનગર નિવાસી પ્રભુદાસ ગોરધનદાસ અગ્રાવત તરફથી સા.વા.ગોરધનદાસજી કરસનદાસજી અગ્રાવત તેમજ સા.વા.જમનાબેન ગોરધનદાસજી અગ્રાવતની પુણ્યતિથિએ સાંજે ખીર-પુરી, શાક, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

### રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૫૯, ગુરૂવાર તા.૨૬/૦૯/૨૦૨૪)**

બામણા સાઘેડ નિવાસી ડૉ.જગદીશભાઈ ડી. નિમાવત તરફથી સા.વા. પ્રભાગૌરી જગદીશભાઈ નિમાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં લાડવા, સાટા, સેવ-ગાંઠીયા, રોટલી, શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.



જેને પોતાની જાત પર વિશ્વાસ ન હોય તે નાસ્તિક છે.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૯, ગુરૂવાર તા.૨૬/૦૯/૨૦૨૪ )**

અમદાવાદ નિવાસી શ્રીમતી કંચનબેન અમૃતલાલ રામાવત તરફથી સા.વા.સમરતબેન હિંમતરામ રામાવતની પુણ્યતિથિએ લીસા લાડવા, સાટા, સેવ-ગાંઠીયા, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ દરી સૌ છાત્રાબાળાઓએ સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ પ્રસાદ લીધો તેમજ એક દિવસ ત્રણ મિષ્ટભોજન તિથી હોવાથી બે બપોરે સંયુક્ત ઉજવી.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૧, શનિવાર તા.૨૮/૦૯/૨૦૨૪ )**

વડોદરા નિવાસી મોહનદાસ અમરદાસ અગ્રાવત તરફથી સા.વા.સવિતાબેન અમરદાસ અગ્રાવતની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં ટોપરાપાક, મોહનથાળ, ખમણ, ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૧, શનિવાર તા.૨૮/૦૯/૨૦૨૪-સંયુક્ત )**

સાવરકુંડલા નિવાસી (રાજ્ય મંડળના ટ્રસ્ટીશ્રી) ડૉ.પ્રવીણભાઈ ધીરજરામજી લશ્કરી તરફથી સા.વા. આનંદભાઈ પ્રવીણભાઈ લશ્કરીની પુણ્યતિથિએ સંયુક્ત બપોરે મિષ્ટભોજનમાં ટોપરાપાક, મોહનથાળ, ખમણ, ચટણી, રોટલી, દાળ-ભાત, શાક, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ કરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૧, શનિવાર તા.૨૫/૦૯/૨૦૨૪)**

ખોપાળા નિવાસી શ્રી પરશુરામબાપુ રણછોડદાસજી કુબાવતની વર્ષગાંઠ (જન્મદિન)ને મિષ્ટભોજનમાં સાંજે છાત્રાબાળાને મનપસંદ પાવભાજી, પાપડ, છાશ વગેરે તૈયાર કરી થાળ ધરી હેપી બર્થ-ડે બાપુ કરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૨, રવિવાર તા.૨૯/૦૯/૨૦૨૪)**

ખોપાળા નિવાસી શ્રી ફરશુરામબાપુ આર.કુબાવત તરફથી સા.વા.શારદાબેન ફરશુરામ કુબાવતની પુણ્યતિથિએ સવારે ગરમા-ગરમ ફાફડા, ગાંઠીયા, જલેબી, મરચા, સંભારો,ચા વગેરે તૈયાર કરી ભગવાનને બાલભોગ ધરી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૧, શનિવાર તા.૨૫/૦૯/૨૦૨૪-સંયુક્ત)**

રાજકોટ નિવાસી ડૉ.અતુલભાઈ કાંતિલાલ દેવમુરાજી તરફથી (જે આપણા રાજ્ય મંડળના ટ્રસ્ટી) તરફથી સા.વા. કાંતિલાલ જયંતિલાલ દેવમુરારીની પુણ્યતિથિએ મિષ્ટભોજનમાં બપોરે સંયુક્ત ગુંદી, લાડવા, બરફી, ખમણ, ચટણી, રોટલી, શાક, દાળ-ભાત વગેરે તૈયાર કરી ભગાવાનને થાળ ધરી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો તેમજ સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી.

## રૂા.૧૫,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૧, શનિવાર તા.૨૫/૦૯/૨૦૨૪-સંયુક્ત)**

મહુવા નિવાસી ડૉ.ભાસ્કરભાઈ આર. કુબાવત તરફથી સા.વા. રામકૃષ્ણદાસ હરિરામજી કુબાવત ની પુણ્યતિથિએ બપોરે સંયુક્ત મિષ્ટભોજનમાં ગુંદી, લાડવા, બરફી, ખમણ, ચટણી, રોટલી, શાક, દાળ-ભાત, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓએ પ્રસાદ લીધો. દાતાશ્રીને ટેલીફોનિક જાણ કરેલ. બપોરે બે સંયુક્ત તિથિ ઉજવી.



ચારિત્ર્ય માં એક થોડો ડાઘ પડવાથી મનુષ્યની તમામ કિર્તી ઉપર કાળાશ સવાઈ જાય છે.

## "દિવીશા" ના જન્મદિવસ નિમિતે



**(તા.૨૯/૦૯/૨૦૨૪, રવિવાર - સાંજે )**

ભુરખીયા હનુમાન નિવાસી બળવંતરાય મનસુખલાલ નિમાવતની (સહમંત્રી રાજ્યમંડળ) પૌત્રી "દિવીશા" બેનની પ્રથમ વર્ષગાંઠ જન્મદિને શ્રીમતી રીમ્પલબેન કૌશિકભાઈ નિમાવતની પુત્રી **"દિવીશા"** ની વર્ષગાંઠ નિમિતે સાંજે દાળબાટી,પાપડ, સંભારો વગેરે તૈયાર કરી હેપી સૌ મહેમાન સ્ટાફ/છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો. જેનો પ્રથમ જન્મદિન છાત્રાલયે ઉજવણી કરેલ. ખૂબ ખૂબ ધન્યવાદ.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૩, સોમવાર તા.૩૦/૦૯/૨૦૨૪ )**

ચલાલા નિવાસી અમૃતલાલ જમનાદાસ ભડીંગજી તેમજ ભાઈઓ તરફથી સા.વા. ચંપાબેન જમનાદાસ ભડીંગજીની શ્રાધ્ધતિથીએ મિષ્ટભોજનમાં મોતીચૂર ના લાડવા, મોહનથાળ, ખમણ, ચટણી, રોટલી, શાક, દાળ-ભાત, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ મહેમાન-છાત્રાબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો. તેમજ દરેક છાત્રાબાળાઓને પરિવાર તરફથી રૂા.૧૧/- લેખે દક્ષિણા ભેટ, સ્ટાફને રૂા.૫૦/- આપી પોતાનો રાજીપો વ્યક્ત કરેલ.

## રૂા.૧૧,૧૧૧/- ની મિષ્ટભોજન તિથી અંતર્ગત



**(ભાદરવા વદ-૧૩, સોમવાર તા.૩૦/૦૯/૨૦૨૪-સંયુક્ત )**

વડોદરા નિવાસી પ્રવિણાબેન ચંદુલાલ નિમ્બાર્ક તેમજ દિવ્યેશભાઈ નિમ્બાર્ક તરફથી સા.વા.ચંદુલાલ ધીરજલાલ નિમ્બાર્કની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં બપોરે સંયુક્ત મોતીચુર લાડવા, મોહનથાળ, ખમણ, ચટણી, રોટલી, શાક, દાળ-ભાત, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રાબાળાઓ સહિત પ્રસાદ લીધો.

માસ દરમિયાન મિષ્ઠભોજન ૩૦ વખત,પાંવભાજી ૧ વખત, પાણીપુરી ૧ વખત, દાબેલી ૧ વખત, જલેબી-ગાંઠીયા ૧ વખત, દાળબાટી ૧ વખત અને આઈસ્કીમ ૪ વખત આપવામાં આવે.

**:: સંકલન ::**

**ગુહમાતા**
રંજનબેન લક્ષ્મીરામ રામાવત

**ભોજનમંત્રી**
દિક્ષીતાબેન નિમાવત S.Y.B.A
ધ્રુવિબેન ટીલાવત T.Y.B.A

## રામભક્ત મુખપત્ર દિપોત્સવી અંક આગામી માહે નવેમ્બર માસનો અંક છપાશે.

રામભક્ત મુખપત્ર હાલ ૩૦૦૦ નકલ છપાઈ છે. અને તે મુજબ સદસ્યોને અંક મોકલવામાં આવે છે.આગામી નવેમ્બર માસનો અંક ૧૦-૧૧-૨૦૨૪ ના રોજ બહાર પડશે. તો વિશાળ વાંચક બંધુઓને વિનંતી કે આપશ્રી આપના ધંધા રોજગારની જાહેરાત દીપાવલી અને નૂતનવર્ષની શુભેચ્છાઓ સમયસર મોકલી આપશો. શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ) સાથે હાલ ૩૪ મંડળો જોડાયેલા છે. તે સૌ મંડળના પદાધિકારીઓને વિનંતી કે આપના મંડળની શુભેચ્છા મંડળના સદસ્યોના ફોટા સાથે અચુક મોકલશો સાથે આપના મંડળની પ્રવૃતીની ઝલક ટૂંકી માહિતી મોકલો જેથી દરેક જ્ઞાતિ બંધુઓને તેની જાણ થાય. સમાજના વેપારી ભાઈઓ,ડૉક્ટરો,વકીલો,સમાજ સેવાના ભેખધારીઓ આપના શુભેચ્છા સંદેશા પરિવારના ફોટા સાથે અચુક મોકલો. આપણું રામભક્ત પ્રોફેશનલ નથી ફક્ત તેમાં થતો છપાઈ ખર્ચ લેવામાં આવે છે.

**ફોર કલર પેઈઝ (આર્ટ પેપર)**

| | |
|---|---|
| આખું પેઈઝ (૧ પેઈઝ) | રૂા.૩૦૦૦/- |
| અર્ધુ પેઈઝ (૧/૨) | રૂા.૧૫૦૦/- |
| પા પેઈઝનાં (૧/૪) | રૂા.૭૫૦/- |




**એક કલર શાહીમાં (વ્હાઈટ પેપર)**

| | |
|---|---|
| આખું પેઈઝ (૧ પેઈઝ) | રૂા.૧૦૦૦/- |
| અર્ધુ પેઈઝ (૧/૨) | રૂા.૫૦૦/- |
| પા પેઈઝનાં (૧/૪) | રૂા.૨૫૦/- |

આપની વિગત રામભક્ત ઈ-મેઈલ એડ્રેસ ઉપર મોકલી આપશો.રકમ શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળના ખાતામા જમા કરાવી આપશો. તેને વિગત ટેલીફોનીક જણાવી આપશો.

**જાહેરાતની વિગત ઓક્ટોબરની ૨૫ તારીખ સુધીમાં આવશે તેનો સમાવેશ કરવામાં આવશે.**



જેનામાં આત્મવિશ્વાસ છે તેની હારમાં પણ જીત છે.



# પવિત્ર નવરાત્રિએ



## ૧૦ મહાદેવીઓના મંદિરો તથા તેમના સ્થાનકો

૧.) કમલા સમૃધ્ધિ પ્રદાઈકા રામાનંદીના કુળદેવી જે નારાયણ સરોવર કોટેશ્વર વચ્ચે કચ્છમાં તેનું મંદિર સ્થાનક આવેલું છે.

૨.) શૈલપુત્રીમાતાનું પ્રાચીન મંદિર બનારસ કાશી ઘાટ પર છે.

૩.) બ્રહ્મચારિણીમાતાનું પૂજન જેણે શિવજીને મળવા એક હજાર વર્ષ તપ કર્યું તેમાં એનું મંદિર સપ્ત સાગરગંગા ઘાટે છે.

૪.) માં ચંદ્રઘંટાનું મંદિર અલ્હાબાદમાં છે ચંદ્રઘંટાદેવીનું સ્થાનક.

૫.) માં કુષ્માંડા દેવીનું મંદિર ઉત્તરપ્રદેશ કાનપુરમાં છે.

૬.) સ્કંદમાતાનુંપાંચમનું પાંચમું નોરતું સ્કંદમાતાનું સૌથી જૂનું મંદિર કાશીમાં જેતપુર ખાતે બાગેશ્વરીદેવી પરિસરમાં છે. માત્રને માત્ર નવરાત્રીમાં જ મંદિર ખુલે છે બાકી આખો દિવસ બંધ રહે છે.

૭.) કાત્યાયીનીમાતાનું ધામ કર્ણાટકના અંકોલા નજીક પ્રાચીન ધામ છે. વૃંદાવનમાં પણ મથુરાના ભૂતેશ્વર વૃંદાવન શક્તિપીઠ છે. માના કેશ (વાળ) પડ્યા હતા.

૮.) માં કાલરાત્રીનું પ્રાચીન મંદિર બિહારમાં સારણ જીલ્લામાં ડુમરી ગામમાં આવેલું છે. તેને ભદ્રકાળી રૂદ્રાણી કહે છે. માં દુર્ગાનું સાક્ષાત સ્વરૂપ છે.

૯.) માં ગૌરી મહાગૌરી આમ આ મહાગૌરીનું પ્રાચીન મંદિર પંજાબના લુધિયાણા અને યુપીના વારાણસી કાશીમાં આવેલું છે.

૧૦.) માં સિધ્ધદાત્રી હિમાચલના નંદા પર્વત પર તેનું પ્રસિધ્ધ મંદિર આવેલું છે.

અસત્ય ઉપર સત્યનો વિજય એ દશેરા એ આપણા પ્રભુ શ્રીરામજીના લંકા વિજય ત્યારબાદ પછી શરદ પૂર્ણિમાં તથા અયોધ્યામાં પ્રભુ શ્રીરામજીનું તથા લક્ષ્મણજી, જાનકીજીનું આગમન શુભ દિવાળી બોલીએ સર્વદેવી માતાની ૫૧-શક્તિપીઠનો જે જે કાર (જયસીયારામ)

**સંકલન :** અગ્રાવત ગોકુલદાસ જીવરામદાસજી (ગામ:નારી, જીલ્લો- ભાવનગર)

રામભક્તને રૂા.૩૦૦/- પ.નં. ૭૦૧૭ થી મળેલ છે.

**રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...**

**જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, રામભક્ત**

**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા**

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

**80G No. : AAFTS4033AF20218**

**સંસ્થાને દાન આપનાર દાતાને 80-G મુજબ કરમુક્તી મળશે.**

**સ્વામીશ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન્**
માતૃછાયા, લાયબ્રેરી સામે, મેઈન રોડ, જોરાવરનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦
E-mail : Raghuvir.ramanuj@gmail.com
ટ્રસ્ટ રજી. નં. E/1641/S'nagar. PAN : AAYTS9502M

## :: આપણીવાત ::

આપ સૌને વિદીત છે કે ઉક્ત સંસ્થા/ટ્રસ્ટ દ્વારા સમાજના બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક જરૂરિયાતની પૂર્તિ માટેની એક યોજના સમાજ સમક્ષ રજૂ કરવામાં આવેલ. તદ્‌ઉપરાંત "રામભક્ત" તથા માધ્યમો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાતના અનુસંધાને સમાજ દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ. ઉક્ત યોજનાના અનુસંધાને અત્યાર સુધીમાં સંસ્થાને ત્રણ દરખાસ્ત મળેલ. તે તમામને સંસ્થા દ્વારા મંજુર કરવામાં આવેલ છે. તથા દરેક અભિવ્યક્તિને રૂા.૫૦,૦૦૦/- (પચાસ હજાર) ની રકમ જરૂરિયાત મુજબ આંશિક સ્વરૂપે મોકલી આપવામાં આવેલ છે. સંસ્થાને પ્રાપ્ત થતા મંજુર કરવામાં આવેલ વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.

- આદિત્ય પ્રદીપભાઈ શામળદાસ નિમાવત, રાજકોટ
  અભ્યાસક/કોર્ષ : એન્જિનિયર (E.H. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ)
- કાર્તિક અનીલભાઈ દિનેશભાઈ રામાનુજ, બોટાદ.
  અભ્યાસ/કોર્ષ : B.E./B.Tech - IIT, ઈંદોર.
- પ્રાર્થના નંદરામભાઈ આચાર્ય, સુરેન્દ્રનગર.
  અભ્યાસ/કોર્ષ : M.B.B.S., GMERS મેડીકલ કોલેજ, વડનગર.

સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ સમાજના ઉચ્ચ અભ્યાસ ઉત્સુક વિદ્યાર્થીને પૂર્ણતઃ/આંશિક આર્થિક જરૂરીયાતોની પૂર્તિ માટે કામ કરવાનો છે. સ્વાભાવિક છે કે પુરતી માટે ફંડની આવશ્યકતા રહે છે. તે સમાજના શિક્ષણપ્રેમી, સમાજસેવી, પ્રબુધ્ધ સ્વજનને સંસ્થા સાથે જોડાવાનો છે. આપ સૌ સંસ્થાની યોજનાના અનુસંધાને જોડાઈ સહભાગી થાય તે અપેક્ષિત છે. આશા છે કે આ પવિત્ર કાર્યમાં આપણી આર્થિક સહયોગ મળતો રહેશે. આભાર અસ્તુ.

નોંધ : આ સાથે શિક્ષણ માટેની રાજ્ય સરકારશ્રીની યોજનાઓની વિગતનો મહતમ લાભ લેવા પ્રાર્થના છે.

સંપર્ક સુત્ર : મો.૯૬૬૨૫૪૫૦૫૬, મો.૯૯૦૯૯૨૧૧૭૨, મો.૯૪૨૬૯૭૩૦૩૭૩, મો.૯૪૨૬૨૨૮૦૯૮, મો.૯૪૨૬૫૫૭૬૧૦
બેંકમા પૈસા જમા કરાવનારે તેની વિગતો ઉપરના ફોન નંબર પર મોકલાવા વિનંતી, જેથી પહોંચ બનાવી શકાય

| | |
|---|---|
| નામ : | શ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન |
| બેંક : | બેંક ઓફ બરોડા, જીનતાન રોડ, સુરેન્દ્રનગર |
| ખાતા નં. : | ૨૫૧૪૦૧૦૦૦૧૭૯૦૬ |
| IFSC : | BARB0SURJIN |

દર વર્ષે (પાંચ વર્ષ માટે) રૂપિયા ૫૦૦૦/- જમા કરાવી આપણા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓ ના સહાયક બનવા માટે વિનંતી.

આપનો જ રઘુવીર રામાનુજ - કન્વીનર ના જય સીતારામ



જે આનંદમાં બધા સહભાગી ન હોય તે અપૂર્ણ છે.

ૐ

# શ્રી ત્રિપાંખ સાધુ સમાજ સંગઠન ટ્રસ્ટ
## (ગુજરાત)

● રામાનંદી સમાજ ● દશનામ ગોસ્વામી સમાજ ● વૈષ્ણવ સમાજ

કાર્યાલયઃ મું. મોટીવડાળ, તા. મહુવા, જિ. ભાવનગર - ૩૬૪ ૫૩૦.
(રજિ. નં. એ/૨૧૫૬, ભાવનગર)

જા.નં. :૩૦/૨ તા. :૩૧/૦૭/૨૦૨૪

પ્રતિ,
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ,
મુખ્યમંત્રીશ્રી
ગુજરાત રાજય
ઠેઃ સચિવાલય, ગાંધીનગર

**વિષય : સમગ્ર ગુજરાતનાં સાધુ સમાજને ખેડુત (માલિકી) હકક મળવા બાબત**

સન્માનનીય સાહેબશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે અમો સમગ્ર ગુજરાતના સાધુ સમાજ છેલ્લા ૨૫ વર્ષથી શ્રી ત્રીપાંખ સાધુ સમાજ ગુજરાત સંગઠનના નેજા હેઠળ અમારા સાધુ સમાજને ખેડૂત હકક મળે તે માટે ઈ.સ. ૧૯૯૭ થી માનનીય શંકરસિંહ વાઘેલા સાહેબની સરકારથી લઈને આજની આપની સરકાર સુધીમાં તમામ મુખ્યમંત્રીશ્રી, મહેસૂલમંત્રીશ્રી અને પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારોને અવાર નવાર લેખીત તેમજ મૌખિક રજૂઆતો કરી છે. ગુજરાતનાં તમામ સાંસદ સભ્યો અને ભાજપના તમામ ધારાસભ્યોશ્રીઓને લેખીત તેમજ મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતાં આજ દિન સુધી ગુજરાતનાં સાધુ સમાજને યેન કેન પ્રકારે હેરાન પરેશાન જ કરવામાં આવ્યા છે. સમગ્ર દેશનો જો કોઈ સમાજ ભાજપ સાથે દિલથી વર્ષોથી હોય તો તે એક સાધુ સમાજ જ છે. ગુજરાત જ નહીં પૂરા ભારતમાં ભગવાના અને રામના નામે પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી પહોંચ્યા બાદ આ ભગવાધારી અને રામના ઉપાસક એવા સનાતનની જયોત ઝળહળતી રાખવામાં જેનો સિંહફાળો છે એવા વગર પગારે અને કોઈપણ આવક વિના ગામડામાં રહીને પૂજા કરતો અમારો સાધુ સમાજ આટ આટલી વખત રજૂઆતો કરવા છતાં પણ સરકારમાં બેઠેલા સત્તાધીશોનું પેટનું પાણી હાલતુ નથી. આ અગાઉ તે વખતના ધારાસભ્યશ્રી અમરીશભાઈ ડેર સાહેબે વિધાનસભામાં અમારા પ્રાણપ્રશ્નોની ધારદાર રજૂઆત કરીને વિધાનસભા ગજવીને સાધુ સમાજને ખેડૂત હકક મળવો જ જોઈએ એમ કહેવા છતાં આજ સુધીમાં સરકારશ્રી તરફથી કોઈ જ જવાબ મળ્યો નથી. તા. ૦૬/૧૦/૨૦૨૨ ના રોજ ત્રીપાંખ સાધુ સમાજના સંતો, મહંતો આગેવાનો સાથે ગાંધીનગર ખાતે ઉપવાસ પર બેઠેલા ત્યારે સરકાર તરફથી મૌખિક વચન આપવામાં આવેલ કે હાલ વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની તૈયારીમાં છે જેથી તે વખતના મહેસૂલમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીએ ખાતરી આપેલી. ચૂંટણી પૂરી થયા બાદ ગુજરાતમાં ફરી સરકારે ધુરા સંભાળી ૧૫૬ સીટની જંગી બહુમતીથી ચૂંટણી જીત્યા એટલે અમોને આપેલા વચનો ભૂલી ગયા અને પોત પોતાના ખાતા મેળવવામાં પડયા અને જેને મળી ગયા તે મોજ માણતા રહ્યા. ત્યારબાદ પણ અમો ગુજરાત ત્રીપાંખ સાધુ સમાજે લોકસભાની ચૂંટણીમાં તમામ સાંસદોને પત્રો લખ્યા જેનો આજદિન સુધીમાં કોઈ જ જવાબ મળ્યો નથી. છેવટે અમોએ આ બાબતે દિલ્હી લેખીત, મૌખિક રજૂઆતો કરી છે. રાજકોટની લોકસભાની બેઠક પર રૂપાલા સાહેબે સાધુ સમાજની ચૂંટણી મીટીંગમાં જાહેર કરેલું કે જેવી લોકસભાની ચૂંટણી પૂરી થશે તેવી તુરંત જ અમો તમોને ખેડૂત હક મળે તે સંબંધી સરકારમાં વાત આગળ વધારીશું. અમારા ત્રીપાંખ સાધુ સમાજ સંગઠનના પ્રમુખશ્રીએ અવાર-નવાર પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ, ગૃહમંત્રી હર્ષ સંઘવી સાહેબ, શ્રી ગોરધનભાઈ જડફીયા સાહેબ અને અન્ય મંત્રીશ્રીઓ અને ધારાસભ્યો સાથે ટેલિફોનિક વાતો કરી આ અમારા પ્રાણ પ્રશ્નોનાં વહેલામાં વહેલી તકે ન્યાય મળે તે માટે વિનંતી કરી છે તેમ છતાં આજદીન સુધીમાં સરકારે આ અંગે કશું જ વિચાર્યું નથી તો હવે. સમગ્ર ગુજરાતનાં સાધુ સમાજની ધીરજનો પણ અંત આવી ગયો હોય એવું સાધુ સમાજને લાગુ રહી રહ્યું છે. આપ સાહેબને વિનમ્ર ભાવે જણાવવાનું કે સમગ્ર સાધુ સમાજ 'ભારતીય જનતા પાર્ટી× સાથે ભૂતકાળમાં પણ હતો. આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. અમારા આ પ્રશ્ન માટે સરકાર સામે લડવું પડશે તો લડીશું. આગામી દિવસોમાં આવતી ગ્રામ પંચાયત તાલુકા તથા જિલ્લા પંચાયત અને નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા અમોને યોગ્ય ન્યાય મળે તેમ કરવા વિનંતી.

સહકારની અપેક્ષા સહ,

આપના વિશ્વાસુઓ

જગદીશ જી મહેતા
(મંત્રીશ્રી)

વૈકુંઠગિરી એલ ગોસ્વામી
(પ્રમુખશ્રી)

# વિજ્ઞપ્તિ

શ્રી માનનીય વહાલા જ્ઞાતિ બંધુઓ રામભક્ત આજીવન ગ્રાહકો જયસિયારામ...

સહર્ષ જણાવતાં ખુશી થાય છે કે આપણા સમાજના રાજ્ય મંડળ દ્વારા સંચાલીત પહેલાનું ''રામદૂત'' અને હાલનું ''રામભક્ત'' મુખપત્ર ઘણા વર્ષોથી પ્રસિધ્ધ થાય છે, તેમજ સમાજના બીજા ઘણા મુખપત્રો પણ પ્રસિધ્ધ થાય છે. રામાનંદી સમાજનું કોઈપણ મુખપત્ર છેવાડાના જ્ઞાતિબંધુ સુધી પહોંચવું જોઈએ. આ મુખપત્ર થી સમાજની તમામ પ્રવૃતિઓની નાનામાં નાના માણસને જાણકારી મળવી/ મેળવવી જોઈએ આ આપણી પ્રાથમિક ફરજ છે. અને રામાનંદી સમાજનું ગૌરવ હોવુ જોઈએ કોઈપણ મંડળ/સંસ્થાના મુખપત્રો માત્ર ને માત્ર સમાજ ને જાણકારી તેમજ સમાજ ને એકજુથ અને એક્તા ના ઉમદા હેતુ માટે જ મુખપત્રો નો ફેલાવો કરે છે નહિ કે પૈસા મેળવવા માટે.

હાલના સમય/સંજોગ પ્રમાણે સમાજની એકતા સંગઠીતા હશે તો સમાજ પ્રગતિ કરી શકશે અને આવાં મુખપત્ર થી આપણા સમાજને અરસ-પરસ કુટુંબ-પરિવાર ને મદદરૂપ થઈ શકીએ રાજ્ય, જીલ્લા, તાલુકા લેવલે સમાજના કાર્યો, તેજસ્વી તારલાઓની મુખપત્રથી માહિતી મળી શકે.તમામ જ્ઞાતિબંધુને નમ્ર નિવેદન કે આપણા ઘરે રામભકત આવતું ન હોય તો આજે જ ''રામભકત''નું વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/- અથવા મુદતિ લવાજમ રૂા. ૨૫૦૦ (૧૦ વર્ષ માટે) ભરી સમાજને ઉપયોગી થઈ ઋણ ચુકવવાની ફરજ અદા કરીએ.

સર્વે જ્ઞાતિ હિત ચિંતક ને નમ્ર અપિલ કે આપણા ઘરે **''રામભક્ત''** આવતું હોય તો આપના સગા-સબંધી સ્નેહી ના ઘરે પણ રામભકત આવવું જાઈએ અને તેમના લવાજમ ભરાવવા પણ પ્રયત્ન કરવા વિનંતી છે. અમોને આશા છે કે આ ભગીરથ કાર્યમાં સૌ જ્ઞાતિ જનો સાથ-સહકાર આપી સમાજને આભારી થશો તેવી વિનંતી...

## '' રામભક્ત મુખપત્ર - આજીવન યોજના - એપ્રિલ/૨૫ થી બંધ.''

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું મુખ પત્ર પ્રથમ હતુ ''રામદુત'' ત્યાર બાદ ''રામભક્ત'' મુખપત્ર દર માસે પ્રસિદ્ધ થાય છે. **મંડળની કારોબારી મીટીંગ ૨૧-૦૪-૨૦૨૪ ના રોજ યોજાયેલ જેમાં એજન્ડા નં.-૪ ના ઠરાવ મુજબ.** રામદુત તા. ૧-૦૪-૧૯૭૯થી શરૂ થયેલ. જેમાં આજીવન લવાજમ રૂ/-૧૦૦ તથા રૂ/-૧૫૧, રૂ/-૪૦૦, રૂ/-૬૦૦ તથા રૂ/-૧૦૦૦ એમ ગ્રાહકો બનેલ. તમામ ગ્રાહકોને ૪૦ વર્ષથી રામભકત મોકલવામાં આવે છે. વચ્ચે રૂ/-૨૫૦ મુજબ સહાયક ફંડ પણ લીધેલ પરંતુ ૨૦% ગ્રાહકોજ સહાયક ફંડ આપેલ જેના કારણે છેલ્લા ૨૦૧૪ થી ફરી પાછા ૧૧ વર્ષ વધુ સને. ૨૦૨૫ સુધી આ યોજનાના ગ્રાહકોને રામભકત મોકલીશું.

આજીવન યોજના ૨૦૧૪ થી જ બંધ કરી મુદતી(૧૦ વર્ષ) યોજના શરૂ કરેલ છે. જેનું લવાજમ. રૂ/-૨૫૦૦ (દસ વર્ષ માટે છે.) પરંતુ આપણા આજીવન ગ્રાહકોને રૂ/-૫૦૦નું ડિસ્કાઉન્ટ આપી રૂ/-૨૦૦૦માં મુદતી લવાજમ સ્વીકારવામાં આવશે.

તો તમામ આજીવન ગ્રાહકોએ રૂ/-૨૦૦૦ ભરીને મુદતી લવાજમ ભરી આપવા વિનંતી. ૪૦ વર્ષ ઉપરાંત જુના ગ્રાહકોને આ યોજનાનો લાભ આપેલ છે. પરંતુ મોંઘવારીનાં ભારણને પહોંચી શકાય તેમ નાં હોય તો સહકાર આપવા વિનંતી.

''આજીવન ગ્રાહક માંથી મુદતી યોજનામાં જોડાવ...'' રૂા.૫૦૦ ના લાભ સાથે લવાજમ રૂા. ૨૦૦૦ ભરી આપશો.

**લી. શ્રી ગુજરાત રામનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સા.કુંડલા**

**લી.**

| | | |
|---|---|---|
